॥ જય સિધ્ધનાથ ॥ ॥ જય સતવારા ॥

દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

www.satvaramahamandal.org, Email : darpan@satvaramahamandal.org

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત માસિક

# સતવારા દર્પણ



જુન : ૨૦૨૬ વર્ષ - ૩૧ અંક : ૬ સળંગ અંક : ૪૨૯

પ્રમુખશ્રી
રાજેશભાઈ કે. મકવાણા
મો. ૭૪૨૯૩ ૭૪૯૯૯

સતવારા દર્પણ તંત્રીશ્રી
રમણલાલ સી. મકવાણા
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

મહામંત્રીશ્રી
ગીરીશભાઈ એસ. લકુમ
મો. ૯૮૭૯૩ ૫૯૧૧૩

પંચવર્ષિય રૂા. ૫૦૦ આજીવન રૂા. ૨૦૦૦ છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦

# Ozat

## Theme Park & Resort



**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વોટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...

જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટ્યુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંકશન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh
**Park +91 97252 10510 M. +91 97243 62243**

# શ્રી સમસ્ત સતવારા મહામંડળના હોદ્દેદારશ્રીઓ

| ક્રમ | નામ | હોદ્દો | ગામ | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી રાજેશભાઈ કે. મકવાણા | પ્રમુખ | ધંધુકા | ૯૪૨૬૩ ૯૪૯૯૯ |
| ૨ | શ્રી ગીરીશભાઈ એસ. લકુમ | મહામંત્રી | હળવદ | ૯૮૭૯૩ ૫૯૧૧૩ |
| ૩ | શ્રી ડી.એલ.પરમાર | ઉપ પ્રમુખ | દ્વારકા, ભાટીયા | ૯૪૨૭૪ ૪૪૭૦૦ |
| ૪ | શ્રી પ્રભુલાલ આર. નકુમ | ઉપ પ્રમુખ | રાજકોટ | ૯૮૨૫૨ ૧૬૮૦૩ |
| ૫ | શ્રી ડો. જીજ્ઞેશ એમ. હડીયલ | ઉપ પ્રમુખ | બોટાદ | ૯૭૧૪૨ ૭૫૦૨૭ |
| ૬ | શ્રી કાળુભાઈ ડી. રંઘાડીયા | ઉપ પ્રમુખ | અમદાવાદ | ૯૯૨૫૩ ૬૨૭૬૩ |
| ૭ | શ્રી કલ્પેશભાઈ હડીયલ | ઉપ પ્રમુખ | જામનગર | ૯૮૨૫૯ ૮૮૮૮૯ |
| ૮ | શ્રી ભાવેશભાઈ કંઝારીયા | ઉપ પ્રમુખ | મોરબી | ૮૦૦૦૦ ૮૮૮૮૦ |
| ૯ | શ્રી લાલજીભાઈ એમ. સથવારા | ઉપ પ્રમુખ | કચ્છ | ૯૮૭૯૦ ૦૨૯૮૩ |
| ૧૦ | શ્રી અરજણભાઈ એમ. રાઠોડ | ઉપ પ્રમુખ | હળવદ | ૯૮૭૯૧ ૯૧૨૫૩ |
| ૧૧ | શ્રી પ્રભુભાઈ એમ. ડાભી | ઉપ પ્રમુખ | જુનાગઢ | ૯૮૭૯૨ ૫૫૯૧૯ |
| ૧૨ | શ્રી પ્રો. કે.એસ. ચાવડા | ઉપ પ્રમુખ | અંકલેશ્વર | ૮૨૦૦૮ ૭૩૨૯૯ |
| ૧૩ | શ્રી પ્રકાશભાઈ એલ. કણઝારીયા | ઉપ પ્રમુખ | જામખંભાળીયા | ૯૮૭૯૪ ૯૧૪૩૨ |
| ૧૪ | શ્રી દલસુખભાઈ ચૌહાણ | મંત્રી | લીંબડી | ૯૮૨૫૭ ૭૬૧૭૮ |
| ૧૫ | શ્રી રસીકભાઈ પી. સતવારા | મંત્રી | માંડલ | ૯૯૯૮૦ ૪૨૮૭૯ |
| ૧૬ | શ્રી મહેન્દ્ર એમ. ચાવડા | મંત્રી | થાન | ૯૮૭૯૪ ૯૩૩૦૪ |
| ૧૭ | શ્રી મેરૂભાઈ કંઝારીયા | મંત્રી | મોરબી | ૯૮૨૫૦ ૯૯૮૦૮ |
| ૧૮ | શ્રી અમૃતલાલ જી. નકુમ (કાળુભાઈ) | મંત્રી | રાજકોટ | ૯૮૨૪૨ ૩૨૮૬૨ |
| ૧૯ | શ્રી વિઠ્ઠલભાઈ વી. સોનગરા | મંત્રી | દ્વારકા | ૯૦૬૫૨ ૧૧૧૧૧ |
| ૨૦ | શ્રી ભરતભાઈ આર. સોનગરા | મંત્રી | જામનગર | ૭૯૯૦૬ ૦૦૦૮૯ |
| ૨૧ | શ્રી રમેશભાઈ એલ. ચાવડા-(ખંભલાવ) | મંત્રી | બોટાદ | ૯૯૨૪૦ ૧૯૧૪૦ |
| ૨૨ | શ્રી લાલાભાઈ એન. ખાંદળા | મંત્રી | વડોદરા | ૯૪૨૬૩ ૭૪૩૭૭ |
| ૨૩ | શ્રી અમીતભાઈ જાદવ | મંત્રી | બાવળા | ૮૪૬૦૨ ૦૯૦૦૪ |
| ૨૪ | શ્રી મુકેશભાઈ કુમાર એન. ડાભી | મંત્રી | ગાંધીનગર | ૯૭૨૭૭ ૯૨૬૦૧ |
| ૨૫ | શ્રી મુકેશભાઈ એમ. સથવારા | મંત્રી | પાટણ | ૯૯૨૫૫ ૫૩૫૫૬ |
| ૨૬ | શ્રી વિજયભાઈ ખાંદલા | મંત્રી | રાજકોટ | ૮૮૬૬૬ ૪૧૯૦૧ |
| ૨૭ | શ્રી અલ્પેશભાઈ જે. ચાવડા | સંગઠન મંત્રી | અમદાવાદ | ૯૭૨૫૦ ૦૫૭૫૫ |
| ૨૮ | શ્રી નીતેશભાઈ કે. મકવાણા | સંગઠન મંત્રી | બોટાદ | ૯૮૯૮૫ ૫૬૯૯૮ |
| ૨૯ | શ્રી રાજેશભાઈ એસ. સોનગ્રા | સંગઠન મંત્રી | બગસરા | ૯૬૬૪૮ ૯૩૦૨૮ |
| ૩૦ | શ્રી રાજેશભાઈ બી. ચાવડા | સંગઠન મંત્રી | થાન | ૯૮૨૫૭ ૯૮૧૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | શ્રી પંકજકુમાર કે. પરમાર | ખજાનચી | અમદાવાદ | ૯૯૯૮૪ ૪૯૬૮૮ |
| ૩૨ | શ્રી રમણભાઈ સી. મકવાણા | તંત્રી શ્રી સતવારા દર્પણ | અમદાવાદ | ૯૮૨૪૭ ૮૮૨૦૧ |
| ૩૩ | શ્રી શંકરભાઈ પી. કણઝરીયા | સહતંત્રી શ્રી સતવારા દર્પણ | સુરેન્દ્રનગર | ૮૦૦૦૩ ૩૧૪૧૧ |
| ૩૪ | શ્રી અંબાલાલ એલ. સતવારા | ઈન્ટરનલ ઓડિટર | અમદાવાદ | ૯૯૯૮૦ ૫૯૮૬૦ |
| ૩૫ | શ્રી હીતેશભાઈ પી. જાદવ | યુવામોરચો પ્રમુખ | અમદાવાદ | ૯૯૨૪૯ ૩૪૨૪૬ |
| ૩૬ | શ્રી અમીતભાઈ સોનગરા | યુવામોરચો મહામંત્રી | જામનગર | ૯૯૭૯૨ ૭૫૭૯૧ |
| ૩૭ | શ્રી સતીષભાઈ જી. તારબુંદીયા | યુવામોરચો મહામંત્રી | હળવદ (ધનાળા) | ૯૯૦૪૨ ૦૩૯૩૮ |
| ૩૮ | શ્રીમતી નીતાબેન જે. રાઠોડ | મહિલા મોરચો પ્રમુખ | અમદાવાદ | ૯૪૨૬૫ ૮૪૪૭૭ |

## શ્રી સમસ્ત સતવારા મહામંડળના ટ્રસ્ટીશ્રીઓની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| શ્રી | ડો.આર.ડી.રાઠોડ | જામનગર | - | ૯૪૨૯૨૭૧૨૬૭ |
| શ્રી | ઠાકરશીભાઈ જે.ચૌહાણ | વઢવાણ | - | ૯૩૨૭૬૭૯૧૬૧ |
| શ્રી | કાંતીભાઈ આર પરમાર | વઢવાણ | - | ૯૮૭૯૫૭૦૫૬૭ |
| શ્રી | રામજીભાઈ એમ.મકવાણા | લીંબડી | - | ૬૩૫૫૫૮૩૨૪૯ |
| શ્રી | ઠાકરશીભાઈ બી. ડુમાણીયા | સુરત | - | ૯૮૨૪૭૩૮૦૧૮ |
| શ્રી | ચતુરભાઈ એમ. ચૌહાણ | રતનપર | - | ૯૭૨૪૩૪૮૭૨૧ |
| શ્રી | શંકરભાઈ આર. દલવાડી | લીંબડી | - | ૯૮૨૪૫૦૩૯૨૨ |
| શ્રી | રાજેશભાઈ કે. મકવાણા | ધંધુકા | - | ૯૪૨૬૩૯૪૯૯૯ |

**: તંત્રી શ્રી સતવારા દર્પણ :**

**શ્રી રમણલાલ સી. મકવાણા**

૨, વાસુદેવનગર, ગીરધરનગર ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ
અમદાવાદ-૩૮૦૦૦૪ મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

: વધુ સંપર્ક માટે :

**● પત્ર વ્યવહારના સરનામા ●**

-: શ્રી સમસ્ત સતવારા મહામંડળનું કાર્યાલય :-

**મહામંત્રી શ્રી ગીરીશભાઈ એસ. લકુમ**

**મો. ૯૮૭૯૩ ૫૯૧૧૩**

(૧) શ્રી સંદિપકુમાર ગોરધનભાઈ નકુમ
(વાનાવડ હાલ જામખંભાળીયા)

**સરનામું : શ્રી સતવારા વિધાર્થી ભવન**

૧૩- પંચાલનગર, સંજીવની કોમ્પલેક્ષ પાછળ,
જુના વાડજ બસ સ્ટેન્ડ પાસે, નવા વાડજ રોડ,
અમદાવાદ- ૩૮૦ ૦૧૩

**ગૃહપતિ શ્રી : પ્રફુલભાઈ સી. મકવાણા**

વિધાર્થી ભવન વાડજ, સંપર્ક નં. મો. ૭૦૪૩૭૦૪૪૪૬

**● યુ.કે. (લંડન) નિવાસી ●**

(૨) શ્રી હિતેષભાઈ વલ્લભભાઈ પરમાર (વતન ભાણવડ)

**સતવારા વિધાર્થીભવન - વિધાનગર**

ગૃહપતિ શ્રી અશ્વિનભાઈ મકવાણા - મો. ૮૯૮૦૯૩૧૧૯૦
વધુ સંપર્ક માટે
મો. નં. ૯૪૨૬૩૯૪૯૯૯/૯૮૭૯૩૫૯૧૧૩

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા આપણા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ (સામાન્ય પ્રવાહ, કોમર્સ પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને બિરદાવવા અને ઉત્સાહિત કરવા અંગે

વ્હાલા જ્ઞાતિજનો /વિદ્યાર્થીભાઈઓ/બહેનો

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા અગાઉના વર્ષમાં અગાઉ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓના નામ સતવારા દર્પણમાં પ્રકાશીત કર્યા હતા. આ વર્ષે પણ તેમના નામો સતવારા દર્પણમાં પ્રકાશીત કરવા તેવું મહામંડળનુ માનવું છે. અને ઘણા લોકોના સુચનો પણ આવેલ છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જરૂરી છે. વિદ્યાર્થી એ સમાજનું ઘરેણું છે.

અગાઉ આપણે ધોરણ ૧૦ માં ૯૦ ટકા કે તેથી વધારે (પરસન્ટાઈલ નહિ) અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ કોમર્સ પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ ૮૦ ટકા અથવા તેથી વધારે મેળવેલ ટકા (પરસન્ટાઈલ નહીં) વિદ્યાર્થીઓના વાલીઓને જણાવવાનું કે તેઓ નીચે દર્શાવેલ સંપર્ક નંબર અને દોરેલા કોઠા પ્રમાણે નીચે દર્શાવેલ વોટસ એપ પર જલ્દી મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. જેથી તેમની માહિતી સતવારા દર્પણમાં જલ્દી પ્રકાશિત કરી શકાય. વિદ્યાર્થીઓના જેટલા જલ્દી નામ આવે તો સારૂં જેથી જલ્દી નામ પ્રકાશીત કરી શકાય. આના માટે નીચે દર્શાવેલ કોઠા પ્રમાણે **આમાં તમારે ધોરણ ૧૦ છે કે ધોરણ ૧૨માં તે કયા પ્રવાહમાં હતા તે ચોક્કસ જણાવવું.**

**નોંધ : કોઠા પ્રમાણે જ માહિતી ભરીને મોકલવા વિનંતી છે.**

**શ્રી રમણલાલ સી. મકવાણા**

**તંત્રી શ્રી સતવારા દર્પણ**

**સંપર્ક નં. મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧**

| વિદ્યાર્થીનું પૂરૂં નામ સરનામુ | ધોરણ ૧૦ અને ૧૨ માં (દરેક પ્રવાહ) | ગામ-તાલુકો જિલ્લો મોબાઈલ નંબર | કુલગુણ | મેળવેલ ગુણ | મેળવેલ ટકા (પરસન્ટાઇલ નહીં) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | નોંધ : ઉપરોક્ત કોઠા પ્રમાણે માહિતી મોકલવી ધોરણ-૧૦ અને ધોરણ ૧૨ (દરેક પ્રવાહ)ના વિદ્યાર્થીઓએ | | | | |

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ પ્રેરિત, અમરેલી જીલ્લાની બગસરા ખાતે યોજાયેલ સંકલનની મીટીંગ તા. ૧૭-૫-૨૦૨૬ના રોજ યોજાયેલ મીટીંગનો અહેવાલ

શ્રી સમસ્ત સતવારા મહામંડળ પ્રેરિત અને તેના નેજા હેઠળ, મહામંડળના બગસરાના પ્રભારી શ્રી પ્રકાશભાઈ એલ. કણઝરીયા-જામખંભાળીયા અને શ્રી ભરતભાઈ આર. સોનગરા-જામનગર તથા સંગઠન મંત્રીશ્રી રાજેશભાઈ એસ. સોનગરા-બગસરા દ્વારા નિમંત્રિત અને સતવારા જ્ઞાતિ ટ્રસ્ટ-બગસરાના યજમાનપદે આયોજીત, આપણાં સતવારા સમાજમાં જાગૃતતા લાવવા તેમજ મજબૂત કરવા બાબતે અમેરલી જીલ્લાની સંકલનની મીટીંગ આજરોજ તા. ૧૭-૫-૨૦૨૬ના રોજ સાંજે ૬-૦૦ કલાકે, શ્રી સતવારા જ્ઞાતિ સમાજ ભવન-બગસરા મુકામે મળેલ. જેમાં ગુજરાત રાજ્યમાંથી જુદા જુદા સ્થળેથી, મહામંડળના હોદ્દેદારો, ઉપપ્રમુખ / મંત્રીઓ/ કાર્યકર્તાઓ, જ્ઞાતિ આગેવાનો, શ્રી સતવારા જ્ઞાતિ સમાજ ભવન -બગસરા પ્રમુખશ્રી દિનેશભાઈ હડીયલ, પૂર્વ પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ એચ. ચૌહાણ, મંત્રીશ્રી ખજાનચીશ્રી, સંસ્થાના અન્ય ટ્રસ્ટીઓ તથા જય સિદ્ધનાથ કો. ઓપ.ક્રેડીટસો. લી.-બગસરાના હોદ્દેદારો તથા અન્ય કારોબારી સભ્યો તેમજ બગસરા શહેરના જ્ઞાતિબંધુઓ હાજર રહેલ હતા.

મહામંડળના પ્રમુખશ્રી રાજેશભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલનની મીટીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી. શ્રી સતવારા જ્ઞાતિ ટ્રસ્ટ-બગસરાના શ્રી હર્ષિલભાઈએ સ્ટેજ સંચાલનની કામગીરી સંભાળેલ હતી. પ્રથમ દિપક પ્રગટાવી સભાનો શુભારંભ કરવામાં આવ્યો. ભાઈશ્રી સંજયભાઈ ખાંદલ એ બગસરા શહેરમાં આવેલ શ્રી સતવારા જ્ઞાતિ સમાજ ભવન તથા તેમના દ્વારા કરવામાં આવતી સામાજીક, આર્થિક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપેલ. જય સિદ્ધનાથ કો.ઓપ. ક્રેડીટ સો.લી. - બગસરાના પ્રમુખશ્રી દિનેશભાઈ હડીયલે સંસ્થાની કામગીરીની રૂપરેખા આપી.

આમ બગસરા શહેરમાં વસતાં જ્ઞાતિબંધુઓ માટે અલગ અલગ સંસ્થાઓ દ્વારા સતવારા સમાજના વિકાસ માટે સામાજીક, આર્થિક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રેરણાદાયક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહેલ છે. જે ઘણી જ પ્રસંશનીય અને અનુસરવા લાયક છે.

ત્યાર બાદ બગસરાની સંસ્થાના ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો, કમીટી સભ્યો અનેઆગેવાનો દ્વારા બહારગામથી પધારેલ મહેમાનો / આગેવાનોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ એજન્ડામાં જણાવ્યા મુજબની કામગીરી શરૂ કરવામાં આવી.

**કામ નં. ૧ શ્રી સમસ્ત સતવારા મહામંડળની વિકાસયાત્રા**

આપણી સંસ્થાના મહામંત્રીશ્રી ગીરીશભાઈ લકુમે મહામંડળની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીના પ્રમુખ / મહામંત્રીશ્રીઓના નામ સહીત, તેમજ અન્ય હોદ્દેદારો અને કારોબારી સભ્યોના સમયમાં કરવામાં આવેલ મહામંડળના વિકાસની પ્રવૃતિઓની જાણકારી આપી. તે પૈકી મહત્વની કામગીરી, જેવી કે,

૧. સતવારા, સથવારા, દલવાડી અને કડીયાનો બક્ષીપંચમાં 'ઓબીસી' (Other Basckward Class) માં સમાવેશ કરવા માટે અથાક મહેનત કરનાર સંસ્થાના પુર્વ મહામંત્રીશ્રી નારણભાઈ રાઠોડ, અને તેમને સહકાર આપનાર, માજી પ્રમુખો / મહામંત્રીઓ / અન્ય હોદ્દોદારો / ટ્રસ્ટીઓ / કમીટી સભ્યો અને સમાજને ઓ.બી.સી.માં સમાવેશ કરવા માટે રાજકીય

મહાનુભવોની ટુંકમાં જાણકારી આપી. અને આપણા સમાજનો 'ઓ.બી.સી.'માં સમાવેશ થતાં જ શૈક્ષણિક અને સામાજીક ક્રાંતિ આવી.

૨. મહામંડળ દ્વારા રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું અને તેના કારણે સમાજમાં વિશેષ સામાજીક અને શૈત્રણિક ક્રાંતિ આવી.

૩. શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ અને શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ-હરિદ્વારની રચના થઈ.

૪. સમાજના એન્જીનીયરો, મેડીકલ /પેરા મેડીકલ, કર્મચારીઓ, ઉદ્યોગપતિઓ, વિદ્યાર્થી, એડવોકેટ અને ચાર્ટડ એકાઉન્ટન્ટ /સી.એ. વગેરે એશોસીએશનની રચના થઈ.

૫. સંસ્થાએ 'સતવારા દર્પણ' માસિક મુખપત્ર પ્રસિદ્ધ કરવાની શરૂઆત થઈ.

૬. અમદાવાદ અને વલ્લભવિદ્યાનગર ખાતે વિદ્યાર્થી છાત્રાલયોની સ્થાપના થઈ.

૭. જીલ્લા, તાલુકા તેમજ ગ્રામ્ય કક્ષાએ શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ઈનામ વિતરણની કામગીરી શરૂ થઈ.

૮. યુવામેળાનું આયોજન કરવાની પ્રથા શરૂ થઈ.

આમ, અનેક સામાજીક, આર્થિક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિવિધ સ્થળે શરૂ થઈ. તેની માહીતી આપી. ત્યાર બાદ આપણી વાડજ ખાતે આવેલ વિદ્યાર્થી હોસ્ટેલની માહીતી આપી.

૧. હાલમાં ૨૪૬ જેટલા વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે જ પ્રવેશ આપવામાં આવેલ છે અને અભ્યાસ કરી રહેલ છે.

૨, દર વર્ષે એવરેજ ૬૫ થી ૭૦ વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કરે છે અને તેમની ખાલી જગ્યાઓ મેરીટ પ્રમાણે ભરવામાં આવે છે.

૩. સંસ્થાની ફી અને ભોજન ફી એડવાન્સમાં લઈને જ વિદ્યાર્થીઓને છાત્રાલયમાં મેરીટ પ્રમાણે જ પ્રવેશ આપવામાં આવે છે. તેમ વધુમાં જણાવ્યું.

**કામ નં. ૨ સતવારા મહામંડળ સાથે દરેક ગામ, તાલુકા અને જીલ્લા કક્ષાની સતવારા સમાજની સંસ્થાઓને જોડવી...**

મોરબી જીલ્લાના આપણી સંસ્થાના મંત્રીશ્રી મેરૂભાઈ કણઝરીયાએ સમગ્ર ગુજરાત રાજ્યમાં આવેલ આપણા સમાજની ગ્રામ્ય સ્તરે, તાલુકા લેવલે અને જીલ્લા કક્ષાની જે જે સંસ્થાઓ આવેલ છે તેને મહામંડળ સાથે જોડવા માટે દરેક જીલ્લાઓમાં, જીલ્લા સંકલનની બેઠકોનું આયોજન કરવા આહવાહન કર્યુ. અને કઈ રીતે સંસ્થાના મંજુર થયેલ બંધારણની કલમ નં, ૫,૬ અને ૭ મુજબ આ સંસ્થાઓ મહામંડળ સાથે જોડાઈ શકશે તેની માહીતી નીચે મુજબ આપી.

**નં. ૫ : સભાસદ પદ**

શૈક્ષણિક, સામાજીક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતું સતવારા જ્ઞાતિનું કોઈ પણ મંડળ કે જેની સંખ્યા વીસ કે તે કરતાં વધુ હોય તેવું મંડળ પોતાના મંડળમાં જરૂરી ઠરાવ કરી આ મંડળ સાથે જોડાઈ મહામંડળનું સભ્ય બની શકશે અને આવા મંડળને મહામંડળનું સભ્યમંડળ કહેવામાં આવશે.

નં. ૬ : મહામંડળના સભ્ય મંડળો પોતાના મંડળના દર પચાસ સભ્યોએ એક પ્રતિનિધિ પોતાના મંડળનો ઠરાવ કરી નીમી શકશે. જો કોઈ સભ્ય મંડળની પોતાની સભ્ય સંખ્યાના પચાસ કરતાં ઓછી હોય તો પણ તે સભ્ય મંડળ પોતાનો એક પ્રતિનિધિ નીમી શકશે.

**નં. ૭ : સભ્ય ફી :**

પ્રતિનિધિ દીઠ વાર્ષિક ફી રૂપિયા એક સો (૧૦૦/-) મંડળે મહામંડળને આપવાની રહેશે. આ ફી જે તે વર્ષની તારીખ ૩૧ મી મે પહેલાં મહામંડળને પહોંચતી કરવાની

રહેશે. મુકરર તારીખ સુધીમાં સભ્ય ફી નહીંપહોંચતી કરનાર સભ્ય મંડળ મહામંડળનું સભ્ય પદ ગુમાવશે. અને તેણે નીમેલ પ્રતિનિધિ પ્રતિનિધિત્વ ગુમાવશે. તેમ વધુમાં જણાવ્યું.

દા.ત. નોંધ : જો કોઈ મંડળ વાર્ષિક ફી ના બદલે ત્રણ વર્ષની ફી કી સાથે ભરવી હશે તો (પ્રતિનિધિ દીઠ એક વર્ષના રૂ. ૧૦૦/-લેખે રૂ. ૩૦૦/- જમા કરાવી શકશે તેમ વધુમાં જણાવ્યું.

**કામ નં. ૩ નવનિર્મિત તખુબા કન્યા છાત્રાલયના બાંધકામ અંગે :-**

મોરબી જીલ્લા આપણી સંસ્થાના ઉપ-પ્રમુખશ્રી ભાવેશભાઈ કણઝરીયાએ તખુબા કન્યા છાત્રાલયના થયેલ બાંધકામની વિગતવાર માહીતી આપી. હોળી ધુળેટીના તહેવારોને કારણે મજુરો વતનમાં વધુ રોકાણ કરવાને કારણે બાંધકામ આપણા આયોજન મુજબ પુર્ણ થઈ શકેલ ન હોઈ અને તાજેતરમાં બાંધકામની કામગીરી ચાલુ કરવામાં આવનાર છે. આવતા વર્ષે તેનું બાંધકામ પુર્ણ થતાં છાત્રાલય શરૂકરવામાં આવશે. મહામંડળ સંચાલિત આ છાત્રાલયમાં બહારગામના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને લાભ મળનાર હોવાથી સમગ્ર ગુજરાતના સતવારા સમાજનો દીકરો કે દીકરીને, ફુલ નહીં તો ફુલની પાંદડી રૂપે, આપણા સતવારા સમાજના આ શિક્ષણ મહાયજ્ઞમાં આહુતિ આપવા આહવાહન કર્યું.

**કામ નં. ૪ યુ.પી.એસ.સી./જી.પી.એસ.સી.ના તાલીમ વર્ગો શરૂ કરવા બાબત...**

રાજકોટ જીલ્લા મંત્રીશ્રી વિજયભાઈ ખાંદલાએ આજના હરિફાઈના સમયમાં અન્ય સમાજો સામેની હરિફાઈમાં ટકી રહેવા માટે અત્યંત ઉપયોગી અને મહત્વની સીવિલ સર્વિસની સેવાઓ માટેજરૂરી યુ.પી. એસ.સી-જી.પી.એસ.સી.ના તાલીમ વર્ગો શરૂ કરવાની આવશ્યકતા ઉપર ભાર મુક્યો. અને તે માટે અમદાવાદ ખાતે આવેલ છાત્રાલયમાં તેમજ જ્યાં જ્યાં જીલ્લા કે તાલુકા લેવલે છાત્રાલયો આવેલ હોય તેના સંકલનમાં રહીને યુ.પી.એસ.સી. /જી.પી.એસ.સી.ના તાલીમ વર્ગો શરૂ કરવા અને જે તે વિસ્તારના આવેલ શૈક્ષણિક થીંક બેંક અને યુ.પી.એસ.સી. /જી.પી.એસ.સી.ની તાલીમ લેવા માંગતા સમાજના યુવકો 'લાંબી રેશના ઘોડા 'ને તાલીમ આપી, તેમનો વિકાસ કરી, સમાજનો વિકાસ કરવા સહ ભાગી થવા માટે તન,મન અને ધનથી સપોર્ટ કરવા, સમાજને આહવાહન કર્યું.

**કામ નં.૫ જીલ્લા કક્ષાએ સંમેલનો કરવા...**

હળવદ સતવારા સમાજના આગેવાન ભાઈશ્રી પ્રવિણભાઈ કણઝરીયાએ સમાજના યુવકોનો ઉત્સાહ જળવાય અને અન્ય સમાજના હરીફો સામે હરીફાઈ કરી શકે તે માટે જીલ્લા/તાલુકા લેવલે સંકલનની મીટીંગો કરવી, સાથોસાથ જે તે વિસ્તારમાં વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર સાધકની માહીતી મહામંડળના જીલ્લા/તાલુકાના આગેવાનો દ્વારા એકત્રિત કરવી અને તેમને મહામંડળ દ્વારા પુરસ્કૃત કરવા જેથી સમાજના અન્ય યુવક/ યુવતીઓને પ્રોત્સાહન અને પ્રેરણા મળે અને તેનો પ્રચાર મહામંડળના માસિક મુખપત્ર-સતવારા દર્પણમાં પ્રસિદ્ધ કરવામાં આવે.

તેમજ જે તે જીલ્લા કે તાલુકા કે ગામ કક્ષાએથી કરવામાં આવતા કાર્યક્રમમાં મહામંડળને આમંત્રણ આપવામાં આવે તો તેનો સ્વીકાર કરી તેમને પ્રોત્સાહિત કરવા અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારને પ્રોત્સાહન આપવા માટે જરૂરી વ્યવસ્થા કરવી.

**કામ નં.૬ સતવારા સમાજને વિકાસશીલ બનાવવા માટેના સુચનો :**

૧. સંસ્થાના પ્રમુખશ્રી રાજેશભાઈ મકવાણાએ જણાવ્યું કે સતવારા સમાજને વિકાસશીલ બનાવવા માટે મહામંડળ દ્વારા જરૂરી કાર્યવાહીઓ કરવામાં આવી

રહેલ છે. તે બાબત ધ્યાનમાં રાખીને આજે પહેલી જીલ્લા સંકલન સમિતિની મીટીંગની શરૂઆત બગસરા ખાતે થઈ રહી છે. તે આનંદની વાત છે.

૨. મહામંડળની શરૂઆતના વર્ષોમાં ''સમગ્ર ગુજરાતમાં રહેતા, ખાંદલા સહિત અન્ય તમામ શાખોના સતવારા સમાજના લોકોને'' **'' નવા જન્મનાર બાળક ના જન્મ''** નોંધણી પ્રમાણ પત્રમાં સતવારા અટક લખવાની ઝુંબેશ શરૂ કરવા આહવાહન કરવામાં આવેલ પરંતુ કાળક્રમે તે ધીમી પડી ગયેલ છે. અને તાજેતરમાં નામ સરકારીશ્રી દ્વારા જ્યારે વસ્તી ગણતરી કરવાનું શરૂ કરવામાં આવનાર છે ત્યારે આપણા સમાજના ગુજરાત સ્તરે નોંધ લેવાય તે માટે વસ્તી ગણતરીના પત્રકમાં, જાતી''હિન્દુ -સતવારા'' લખાવવા અનુરોધ કરવામાં આવે છે. તેમજ હવે પછી આપણા સતવારા સમાજમાં જે બાળકો કે બાળકી જન્મે તેને ''જન્મની નોંધણીના પ્રમાણ પત્રમાં ''સતવારા'' જાતી દર્શાવવા સમગ્ર સમાજને વિનંતી કરી. તેમજ સમાજ કલ્યાણ અધિકારીની કચેરીમાંથી જાતિનું પ્રમાણપત્ર સરળતાથી મેળવી શકાશે તેમ વધુમાં જણાવ્યું.

૩. સમસ્ત સતવારા મહામંડળ વિકાસના વધુ કામો કરી શકે તે માટે ''ગુજરાત રાજ્યમાં આપણા સમાજની વસ્તી અંદાજે આઠ લાખની આસપાસ હશે. તેમાંથી ૫૦ ટકા બાદ કરીએ તો ચાર લાખ વ્યક્તિ બાકી રહે. તેમાંથી પણ ૩૩ ટકા બાદ કરીએ ૬૭ ટકા એટલે કે આ ચાર લાખમાંથી અંદાજે સતવારા સમાજની ૩,૦૦,૦૦૦ વ્યક્તિ વર્ષ દરમ્યાન ફકત રૂા. ૫૦૦/- મહામંડળને દાન આપે તો, ૩,૦૦,૦૦૦ ૭ ૫૦૦ બરાબર રૂા. ૧૫,૦૦, ૦૦, ૦૦૦/- એક વર્ષમાં દાન મળે તો મહામંડળ દર બે કે ત્રણ વર્ષે નવા છાત્રાલય કે અન્ય મહત્વના વિકાસના કામો કરી શકે તેમ છે. આ યોજના નજીકના ભવિષ્યમાં શરૂ કરવાનું વિચારેલ છે. આમ છતાં, આ બાબતે સમાજના વાચારો / અભિપ્રાય સ્વીકાર્ય છે. તેમ વધુમાં જણાવ્યું.

**કામ નં.૭** આપણી સંસ્થાના ખજાનચીશ્રી પંકજભાઈ પરમારે શ્રી મહામંડળના બગસરાના પ્રભારીશ્રી પ્રકાશભાઈ એલ. કણઝરીયા- જામખંભાળીયા અને શ્રી ભરતભાઈ આર. સોનગ્રા-જામનગર તથા સંગઠન મંત્રીશ્રી રાજેશભાઈ એસ. સોનગરા-બગસરા અને શ્રી સતવારા જ્ઞાતિ ટ્રસ્ટ-બગસરા દ્વારા પ્રથમ જીલ્લા સંકલન સમિતીની બેઠકનું સફળતાપૂર્વક આયોજન અને યજમાનપદ સ્વીકારવી મહામંડળને સહકાર બદલ આભાર માનવામાં આવ્યો.

તેમણે વધુમાં જણાવ્યું કે મહામંડળે શરૂ કરેલ નવી યાત્રામાં આપ જોડાઓ અને સમાજના છેવાડાના ગામડા સુધી તેનો વ્યાપ થાય તે માટે જાગૃતી લાવીએ.

૨. દરેક જીલ્લા, તાલુકા કે ગામડામાં સમાજના વિશાળ હીતમાં કામ કરી રહેલ મંડળો, મહામંડળના પ્રતિનિધિ મંડળો બને અને મહામંડળના વિકાસમાં સહભાગીદાર થાય. તેવી આશા વ્યક્ત કરી.

આ જીલ્લા સંકલન સમિતિની બેઠકમાં ભાગ લેવા માટે દૂરના વિસ્તાર એવા બેડ, જામનગર, રાજકોટ, મોરબી, હળવદ, બોટાદ, બાવળા, અમદાવાદ અને ગાંધીનગરથી પધારેલ સંસ્થાના હોદ્દેદારો, મંત્રીઓ, ઉપપ્રમુખો તથા સમાજના આગેવાનો તથા શ્રી સતવારા જ્ઞાતિ સમાજ ભવન-બગસરા તેમજ જય સિદ્ધનાથ કો.ઓપ.ક્રેડિટ સો.લી. - બગસરાના હોદ્દેદારો તથા અન્ય કારોબારી સભ્યો તેમજ બગસરા શહેરના જ્ઞાતિબંધુઓ હાજર રહેલ તે બદલ તેમનો આભાર માની આજની મીટીંગ પુરી થયેલી જાહેર કરવામાં આવી. ત્યારબાદ ભોજન લઈ સૌ નવી આશા અને ઉમંગ સાથે છુટા પડ્યા.

**પ્રસ્તુત કર્તા : અંબાલાલ એલ. સતવારા - ઇન્ટરનલ ઓડીટર**












ay siddhananth
jay mogal















શ્રી હરિ
મંડપ સર્વિસ
બગસરા

શ્રી હરિ
મંડપ સર્વિસ
બગસરા

શ્રી હરિ
મંડપ સર્વિસ
બગસરા

શ્રી હરિ
મંડપ સર્વિસ
બગસરા

શ્રી હરિ
મંડપ સર્વિસ
બગસરા

શ્રી હરિ
મંડપ સર્વિસ
બગસરા

શ્રી હરિ
મંડપ સર્વિસ
બગસરા

શ્રી હરિ
મંડપ સર્વિસ
બગસરા






શ્રી સમસ્ત સતવારા મહામંડળ
આપનું
હાર્દિક સ્વાગત
બગસરા

# સુરેન્દ્રનગરમાં ત્વચા અને સૌંદર્ય સારવારના નવા યુગનો પ્રારંભ : ગોલ્ડ મેડાલિસ્ટ ડો. વૈશાલી મકવાણા સ્પાર્કલ ક્લિનિકનું ભવ્ય ઉદ્‌ઘાટન





સુરેન્દ્રનગર ઝાલાવાડની જનતા માટે આરોગ્ય, સ્વાસ્થ્ય, સુખાકારી સૌંદર્યનું આત્મ વિશ્વાસનું અનોખું કેન્દ્ર બની રહે તેવા ઉદ્દેશ સાથે સુરેન્દ્રનગર શહેરનું પ્રથમ અત્યાધુનિક **Sparkle Skin - Hair - Cosmetic Clinic** હવે જન સેવામાં કાર્યરત બન્યું છે. તા. ૩-૫-૨૦૨૬ને રવિવારના રોજ વૈદિક મંત્રોચ્ચારશુભાશિષ અને ગૌરવ સભર ઉપસ્થિતિ વચ્ચે ક્લિનિકનું ભવ્ય ઉદ્‌ઘાટન સંપન્ન થયું હતું.

આ પ્રસંગે આપણા સમાજના વઢવાણ વિધાન સભાના લોકપ્રિય ધારાસભ્ય તથા ગુજરાત સરકારના મુખ્ય ન્યબ દંડક શ્રી જગદીશભાઈ મકવાણા સાહેબની વિશેષ ઉપસ્થિત રહી હતી. તેમનું પુષ્પ ગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે ક્લિનકની અદ્યતન સુવિધાઓનું નિરીક્ષણ કરી ડૉ. વૈશાલી મકવાણા અને ડૉ. સાંકેતભાઈ મકવાણાને હાર્દિક શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ‘‘સુરેન્દ્રનગર જેવા શહેરમાં મેટ્રોસિટીને ટક્કર આપે તેવી આધુનિક ત્વચા અને કોસ્મેટિક સારવાર ઉપલબ્ધ બનવી એ સમગ્ર જિલ્લાના આરોગ્ય ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે.’’

મુળ રાયસંગપુર ગામના નિવૃત પ્રાથમિક શિક્ષક શ્રી ગણેશભાઈ મકવાણાના પરિવારમાંથી આવતા સંસ્કાર સભર પરિવારમાંથી આવતા યુવા તબીબ ડૉ. શ્રી સાંકેતભાઈ મકવાણા આજે સુરેન્દ્રનગરના આરોગ્ય ક્ષેત્રમાં એક વિશ્વસનીય નામ તરીકે ઓળખાઈ રહ્યા છે. તેઓ એમ.ડી. મેડિસીન નિષ્ણાત હોવા સાથે જિલ્લાના પ્રથમ **NABH** માન્યતા પ્રાપ્ત **સવા આયુષ હોસ્પિટલના ડાયરેક્ટર** તરીકે સફળતા પૂર્વક સેવાઓ આપી રહ્યા છે.

તેમના ધર્મપત્ની શ્રીમતિ ડૉ. વૈશાલીબેન મકવાણા ગોલ્ડ મેડાલિસ્ટ (**M.D. Skin**) ત્વચા અને સૌંદર્ય સારવાર ક્ષેત્રે પોતાની નિષ્ણાતી, આધુનિક, અભિગમ અને દર્દી કેન્દ્રિત સેવાઓ માટે જાણીતા બની રહ્યા છે. યુવા તબીબ દંપતિ દ્વારા સુરેન્દ્રનગરમાં અદ્યતન અને વિશ્વસ્તરીય આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવાનો પ્રયાસ માત્ર શહેર માટે જ નહિ પરંતુ સમગ્ર ઝાલાવાડના સતવારા સમાજ માટે ગૌરવની બાબત બની રહ્યો છે.

આધુનિક ટેકનોલોજી સાથે વિશ્વસ્તરીય સારવાર **‘‘Sparkle Skin - Hair - Cosmetic Clinic’’** માં ત્વચા વાળ અને સૌંદર્ય સંબંધિત સમસ્યાઓ માટે વૈજ્ઞાનિક અને આધુનિક સારવાર પદ્ધતિઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ક્લિનિકમાં ઉપલબ્ધ મુખ્ય સેવાઓમાં: **Laser Treatment Diode Laser Hair Reduction, Q-Switched Nd: YAG Laser, CO2 Laser.** ત્વચાની વિશેષ માવજત : **Hudra Facial, Chemical Peel, Facial Rejuvenation.** વાળની સારવાર : **PRP Therapy**

**Mesotherapy** અને **Hair Transplant.** ખાસ સારવાર અને સર્જરી : **Vitiligo Surgery** (સફેદ ડાઘની સારવાર), **Excimer Laser** અને **RF Cautery** વગેરેનો સમાવેશ થાય છે.

ક્લિનીકમાં વિશ્વસ્તરીય મશીનો, હાઈજીનિક વાતાવરણ અને નિષ્ણાત માર્ગદર્શન સાથે દર્દીઓને ગુણવત્તાસભર અને વિશ્વાસપૂર્ણ સારવાર આપવાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો.

શહેરના અગ્રણી ડૉકટરો તથા સમાજના આગેવાનોની ગૌરવસભર ઉપસ્થિતિ કાર્યક્રમમાં શહેર તથા જિલ્લાના જાણીતા તબીબો, મેડિકલ ક્ષેત્રના અગ્રણીઓ, સામાજીક આગેવાનો અને મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ ક્લિનિકની ભવ્યતા, સુવ્યવસ્થિત આયોજન અને ઉપલબ્ધ અદ્યતન સુવિધાઓની ખુબજ પ્રશંસા કરી હતી. **''Sparkle Skin''** હવે માત્ર સારવારનું કેન્દ્ર નહિ પરંતુ આરોગ્ય સાથે સૌંદર્ય અને આત્મવિશ્વાસ વધારતી એક નવી ઓળખ તરીકે સુરેન્દ્રનગરમાં ઉભરી આવશે. તેવી લાગણી આવનાર દરેક મહેમાનોએ વ્યક્ત કરી હતી. **વધુ સંપર્ક માટે ડો. શ્રી સાંકેતભાઈ મકવાણા ૯૪૨૭૮ ૭૪૯૨૫, શ્રીમતી ડો. વૈશાલીબેન મકવાણા મો. ૯૪૨૮૩ ૭૪૩૩૩**

નોંધ : ડૉ. શ્રી સાંકેત મકવાણાએ સમાજ સેવામાં સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં તેઓ અભ્યાસ કરતા હતા ત્યારે તેઓ અને તેમની સાથે આપણા સમાજના શ્રી ડૉ. અમિત નકુમ ડૉ.શ્રી પ્રત્યુશ પરમાર, ડૉ. સંજયભાઈ જાદવ, ડૉ. જીગ્નેશભાઈ આર. ચૌહાણ તથા અન્ય ડૉકટરો તથા સમાજના સહયોગથી પહેલું મેડિકલ પેરા મેડિકલ ડૉ. આર.ડી. રાઠોડ સાહેબની દોરવણી હેઠળ એશોસીયેશનનું અધિવેશન અમદાવાદમાં કર્યું હતું. અને તેમની પુસ્તિકા ''મિલાપ'' તૈયાર કરી પ્રકાશિત કરી હતી.

**સંકલન : રમણલાલ સી. મકવાણા**
**તંત્રી શ્રી સતવારા દર્પણ**

## ॥ બોધકથા ॥

ચારિત્ર્યના સદ્‌ગુણને કારણે વિદ્યા અને વિવેક વધારે પ્રભાવશાળી થાય છે. અર્જુન આવો જ ચારિત્ર્યશીલ હતો તેથી તે ધનુર્વિદ્યામાં અજોડ અને વિવેકમાં શ્રેષ્ઠ હતો.

એકવાર અર્જુન ઈન્દ્રસભામાં મહેમાન હતો. સ્વર્ગની અપ્સરા ઉર્વશીનું નૃત્ય ચાલતું હતું. શાસ્ત્રીય નૃત્યમાં સૌ મગ્ન હતા. અર્જુન પણ તાલ-ઠેકા-સંગીતમાં રસબોળ થઈ ઉર્વશીની અંગભંગિ-આંખોની મસ્તી માણતો હતો. ખરેખર તો આ માત્ર તેનો નૃત્યપ્રેમ હતો પણ ઈન્દ્રરાજને ગેરસમજ થઈ. નૃત્યની પૂર્ણાહુતિ પછી એમણે ઉર્વશીને બોલાવી અને અર્જુનની આગતા-સ્વાગતા માટે મોકલી. ઉર્વશી ઈન્દ્રની મનોવૃત્તિ સમજી એ રાત્રે અર્જુનની સેવામાં પહોંચી.

વાર્તા-વિનોદ થયાં પણ પછી ઉર્વશીના ભાવ અને અંગોની મસ્તી જોઈ અર્જુને સ્પષ્ટતા કરી કે માતાજી પોતાને એવો કોઈ જ ભાવ આપની પ્રત્યે નથી. ઉર્વશીને હવે પોતાની જાતનું અપમાન લાગ્યું અને અર્જુનને શ્રાપ દીધો, તું એક વર્ષ નપુંસક રહીશ. અર્જુને શ્રાપ સ્વીકાર્યો. જે ભવિષ્યમાં આશીર્વાદરૂપ પણ નીવડ્યો પણ પોતાનું બ્રહ્મચર્ય વ્રત છોડ્યું નહીં.

જીવનમાં ચારિત્ર્યનું ખૂબ જ મહત્ત્વ છે.

●

॥ જય દ્વારકાધીશ ॥

# સ્વ. જેઠાભાઈ માંડણભાઈ કણઝારીયાની
# વંદના હોટલ, દ્વારકા






:: સુવિધા ::

- કાઈનીંગ હોલ
- એ.સી. અને નોન એ.સી. રૂમ
- ઠંડા ગરમ પાણીની સુવિધા
- ટી.વી. વીથ કેબલ
- કાર પાર્કિંગ
- વાઈ-ફાઈ ઈન્ટરનેટ સુવિધા

**પ્રો. ચંદ્રકાંતભાઈ જેઠાભાઈ કણઝારીયા**
**ક્રિષ્નકુમાર ચંદ્રકાંતભાઈ કણઝારીયા**

સ્ટેટ હાઈવે, સ્ટેશન રોડ, દ્વારકા. મો. ૭૯૦૦૪ ૨૭૪૪૦

Website : www.hotelvandana.com

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા નમ્ર અપીલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ, નમસ્કાર

સવિનય સહ જણાવવાનું કે સતવારા દર્પણના નવા સભ્ય થવાના પંચવર્ષિય રૂા. ૫૦૦, દશવર્ષિય રૂા. ૧૦૦૦ અને વીસ વર્ષિયની રૂા. ૨૦૦૦/- સભ્ય ફી છે. આમાં ધંધાની જાહેરાતના દર અલગ છે. લગ્ન વિષયક ગામના સમાજનું ગૌરવ, પર્સનલ (વ્યક્તિગત) જાહેરાત આપો ત્યારે રૂ. ૫૦૦ દાનભેટના સીધા જ **બેંક ઓફ બરોડા વાડજ બ્રાંચમાં સેવિંગ્સ ખાતા નં. ૭૨૫૦૦૧૦૦૦૦૩૪૨૨ અને IFSC Code અને BARBo DBNVAD (કોડમાં પાંચમો અક્ષર ઝીરો છે.) આપના રૂા. સીધા ઓનલાઇન જેમકે પેટીએમ, ગુગલ પે, ફોન પે, ભીમ એપ્સ કે અન્ય એપ્સ દ્વારા જમા કરાવવા વિનંતી છે.** તેના **UPI**ના નંબર સાથે **સતવારા દર્પણના તંત્રીશ્રીના મો. નં. ૯૮૨૪૭૮૮૨૦૧** ઉપર અવશ્ય મોકલી આપવા વિનંતી છે. **મનીઓર્ડર કોઈએ કરવો નહિ અથવા રોકડા આપવા નહીં.**

આપણા સમાજમાં દરેક ગામમાં કે શહેરમાં થતા જાહેર કાર્યક્રમો જેવા કે સ્નેહ સંમેલન, ઈનામ વિતરણ, યુવા મેળા, સમુહ લગ્ન, શૈક્ષણિક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ કોઈપણ મેડીકલ કેમ્પ હોય ટુંકમાં સમાજમાં થતા કોઈપણ નાના મોટા જાહેર મેળાવડા થતા હોય તો તે કાર્યક્રમોની સતવારા દર્પણના કાર્યાલય ઉપર વોટસએપમાં પી.ડી.એફ. ફાઈલ બનાવી અવશ્ય મોકલી આપવા તેને સતવારા દર્પણમાં છાપવામાં આવશે. જેથી તમારા કાર્યક્રમની સમાજને જાણ થાય તેમજ તેવા કાર્યક્રમો કરવાની અન્ય ગામ કે શહેરને તેના દ્વારા પ્રેરણા મળશે. જે કોઈ સભ્યને સતવારા દર્પણ ન મળતું હોય સરનામું બદલવાનું હોય તો તેની જાણકારી તુરત સતવારા દર્પણના તંત્રીના ઉપર મુજબના મોબાઈલ નં. ઉપર વોટ્સએપ દ્વારા ગ્રાહક નંબર અને સરનામા સાથે અવશ્ય જાણ કરવા વિનંતી છે. તેમની ફરીયાદનો અવશ્ય નિકાલ કરવામાં આવે છે. અને તેની નોંધ લેવામાં આવે છે. તેમને હું હાથથી લખીને અંક કાયમ મોકલી આપું છું. ગ્રાહકોને સંતોષ આપવો એ જ અમારો મુદ્રાલેખ છે. ઘણા સભ્યોએ પોતાના ઘરના સરનામા બદલ્યા છે છતાં પણ હજુ સુધી સતવારા દર્પણના કાર્યાલયને જાણ કરી નથી તેમને અમોએ મોકલેલ અંક પાછા આવે છે. તેઓએ તેમના ઘરના નવા સરનામાની કાર્યાલય ઉપરવોટ્સએપ દ્વારા જાણ કરવા વિનંતી છે. જેથી તેમને અંક મળી શકે.

**લિ.શ્રી ગીરીશભાઈ એસ.લકુમ મહામંત્રીશ્રી સમસ્ત સતવારા મહામંડળ, શ્રી રમણલાલ સી. મકવાણા - તંત્રીશ્રી સતવારા દર્પણ**

## શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
## સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ સતવારા ભવન હરીદ્વાર

**વ્હાલા જ્ઞાતિજનો,**

**આપ સહુને જણાવવાનું કે જે પણ ભાઈ-બહેનોને હરિદ્વાર ભવનના નિર્માણમાં દાન-ભેટ આપવાની હોય કે લખાવવાની હોય તો તેઓ નીચે દરેકના સરનામા અને મોબાઇલ નંબર આપેલ છે. પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ મો. ૯૫૫૮૩ ૮૯૯૯૯, ૯૮૨૫૦ ૯૫૫૧૬**

**શ્રી હરેશભાઈ શામજીભાઈ જાંબુકીયા - મંત્રીશ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**

**કાર્યાલયનું સરનામું :** પરામાં, શેરી નં. ૫,હાઇસ્કુલ પાસે, મુ.પો. રાણપુર, જી. બોટાદ-૩૮૨૨૪૫,મો. ૭૦૪૬૪ ૨૫૧૧૧

**સતવારા ભવન હરિદ્વારનું સરનામું :** સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ, સતવારા ભવન-૨૫, સંગમપુરી સોસાયટી, સપ્ત સરોવર રોડ, વૈશ્નવદેવીના મંદિર અને ભારતમાતાના મંદિર વચ્ચે, હરિદ્વાર, ઉત્તરાખંડ,

**સમાજના કોઇપણ વ્યક્તિને હરિદ્વાર જવાનું થાય તો સતવારા સમાજનું ભવન છે. જેને સંપર્ક કરવો હોય તો નીચે જણાવેલ મો.નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

**સતવારા સમાજ ભવન હરીદ્વારનો સંપર્ક નં. (મો) ૯૯૯૭૦૬૮૨૫૩, ૯૬૨૭૫૧૪૦૭૩**

**દાનભેટ મોકલવા માટે : શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ**

**બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, લીંબડી જી.સુરેન્દ્રનગર શાખા, નં.૩૧૭૮૮૧૩૫૦૯૯ IFSC કોડ નં. SBIN 0010991**

**ખાસ નોંધ : જમા કરાવનાર દાતાનું નામ, ગામ, તાલુકો, જિલ્લો મો. નં. કાર્યાલય પર જમા કરાવતાની સાથે જ કાર્યાલયને આની જાણ અવશ્ય કરવી.**

| જય સિધ્ધનાથ મહાદેવ |

# સતવારા સગપણ

સતવારા જ્ઞાતિમાં તમારો પરફેક્ટ મેચ શોધો

આ એપ્લિકેશન ફક્ત સતવારા જ્ઞાતિના માટે જ છે

## સમાજ નું સૌથી મોટું અને વિશ્વશનીય મેટ્રીમોની પ્લેટફોર્મ એટલે
## સતવારા સગપણ




- ડૉક્ટર કે એન્જિનિયર જેવી કારકિર્દીમાં સ્થાપિત
- અમેરિકા કે કેનેડા જેવા દેશોમાં સ્થાયી
- પોતાનો બિઝનેસ કે ખેતી સાથે સંકળાયેલા
- સરકારી કે ખાનગી નોકરીમાં કાર્યરત
- મોટા શહેરોમાં કે નાનકડા ગામડાઓમાં વસવાટ કરતા

**સતવારા સગપણ – આપણા સમાજ માટે, આપણા લોકો દ્વારા સંચાલિત**

સતવારા સગપણ એપ્લિકેશનની વિશેષતાઓ

- સતવારા સગપણ દ્વારા સ્માર્ટ સજેશન મળશે
- ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ
- મનગમતી બાયોડેટા શોર્ટલિસ્ટ કરી શકાશે
- પસંદગી અનુસાર ફિલ્ટર કરી શકાશે
- એન્ડ્રોઇડ અને iOS માં ઉપલબ્ધ
- પોતાની બાયોડેટા PDF માં ડાઉનલોડ કરી શકાશે
- તમારી બાયોડેટા સતવારા સગપણ દ્વારા સિક્યોર રહેશે
- બધીજ બાયોડેટા સતવારા સગપણ દ્વારા વેરિફાઇડ થયેલ હશે

સતવારા સગપણ સાથે
**700+**
વધુ યુવક-યુવતીઓના બાયોડેટા જોવા મળશે

એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે

*T&C Apply

GET IT ON Google Play — Download Now

Download on the App Store — Download Now

વધુ માહિતી માટે સંપર્ક કરો : +91 7016080177

www.satvarasagpan.com

## શુભેચ્છા સહ

### વંદેમાતરમ્



**શંકરભાઈ આર.દલવાડી - પૂર્વ પ્રમુખશ્રી સતવારા મહામંડળ**

**પૂર્વ ચેરમેન ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લીમીટેડ - ગાંધીનગર**

**(પૂર્વ) પ્રમુખશ્રી**

**લીંબડી નગરપાલિકા મો. ૯૮૨૪૫૦૩૯૨૨**

**સતવારા જ્ઞાતિની ભોજનશાળા પાસે,**

**વચલા પરા લીંબડી, જી. સુરેન્દ્રનગર**

**શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**
**પ્રમુખશ્રી નંદકિશોરભાઈ એસ.કણઝરીયા લીંબડી**
**મો. : ૯૮૨૪૨૫૬૪૯૧, ૮૨૦૦૪૧૫૭૬૦**

**શ્રી સમસ્ત સતવારા એન્જીનીયર એશોસીએશન**
**પ્રમુખ શ્રી એલ. ડી. હડિયલ, મોરબી**
**મો. ૯૮૨૫૬૪૯૮૫૧,**

**શ્રી સતવારા મેડિકલ પેરા મેડીકલ એશોસીએશન**
**પ્રમુખશ્રી ડો. લાલજીભાઈ કે. મકવાણા**
**મો. ૯૮૭૯૫૭૫૨૦૪- બોટાદ**

**શ્રી સમસ્ત સતવારા કર્મચારી મંડળ**
**પ્રમુખ શ્રી શૈલેષભાઈઝેડ.જાદવ-બોટાદ.મો.: ૯૧૭૩૪ ૪૬૪૨૫**

**શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**
**પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ, જામનગર**
**જામનગર મો. ૯૮૨૫૦૯૫૫૧૬**

**શ્રી સમસ્ત સતવારા ઉદ્યોગપતિ એશોસીએશન**
**પ્રમુખશ્રી અશોકભાઈ સી.કંઝારિયા,ચોટીલા**
**મો.૯૯૨૫૦૪૮૭૦૦**

**શ્રી સમસ્ત સતવારા વિદ્યાર્થી એશોસીએશન**
**પ્રમુખ-શ્રી ઉદયભાઈ વી. ચાવડા મો. ૯૮૯૮૬૮૩૦૧૫**

**શ્રી સમસ્ત સતવારા સી.એ.એશોસીએશન**
**પ્રમુખશ્રી શૈલેષભાઈ બી. જાદવ, સુરેન્દ્રનગર મો.૯૪૨૬૪૩૭૬૮૬**

**શ્રી સમસ્ત સતવારા એડવોકેટ એશોસીએશન**
**પ્રમુખશ્રી કરશનભાઈ એસ. પરમાર, જામનગર**
**મો. ૯૮૨૫૯૪૪૧૩૧**

## શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની નમ્ર અપીલ

શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટમાંથી એજ્યુકેશન લોન લીધેલ હોય તેમણે અભ્યાસ પૂર્ણ થયા બાદ લોન હપ્તે પરત જમા કરાવવાની હોય છે. વિદ્યાર્થીઓ તેમજ નવા બનેલ ટ્રસ્ટીઓને બાકી રહેતી રકમ અનુકૂળતા મુજબ નીચે દર્શાવેલ બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર અથવા ચેક દ્વારા જમા કરાવવી ત્યાર બાદ નીચેના નંબર પર જમા કરાવ્યા અંગેની જાણકારી રકમ, નામ,વિગતનું વેરીફિકેશન કરાવી લેવું.

શિક્ષણ માટે દાન ભેટ આપવા માંગતા હોય તેઓ પણ ઓનલાઈન /ચેક દ્વારા જમા કરાવી શકશે.

### બેંકની વિગત

નામ શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ

બેંકનું નામ બેંક ઓફ બરોડા સેન્ટર પોઈન્ટ શાખા, સ્વામીનારાયણ ગુરૂકુળ પાસે, સરદાર પાર્ક, અંકલેશ્વર, જી.આઈ.ડી.સી.-અંકલેશ્વર-૩૯૩૦૦૨ જી. ભરૂચ

બેંક ખાતાનો પ્રકાર : બચત ખાતુ

**IFSC CODE : BARBoCENPOI**

(પાંચમો અંક જીરો છે)

ખાતા નંબર : **૯૧૨૯૦૧૦૦૦૦૪૪૬૧**

**[91290100004461]**

બેંક ખાતાનો મોબાઈલ નંબર : ૮૨૦૦૮૭૩૨૯૯

**91+(8200873299)**

ઈમેલ : **samastsatvaraeducationtrust@gmail.com**

**ઓફીસ એડ્રેસ : શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**

**મહામંત્રીશ્રી પ્રા.ડો. કે.એસ.ચાવડા**

બી-૧૧ આદિત્યનગર, વાલિયા રોડ, રાગીણી સિનેમા નજીક સ્વ. મોતીબેન તુલશીભાઈ નકુમ સતવારા વિદ્યાર્થીભવનની બાજુમાં, મુ. ભડકોદરા, તા. અંકલેશ્વર-૩૯૩૦૦૧

જી. ભરૂચ મો.નં. ૮૨૦૦૮ ૭૩૨૯૯

પ્રમુખશ્રી : નંદકિશોરભાઈ એસ. કણઝરીયા

લીંબડી - મો. ૯૮૨૪૨૫૬૪૯૧

# ''હોસ્ટેલ ઈન ગાંધીનગર'' - શ્રી સતવારા બોર્ડિંગ ગાંધીનગર

**Website-www.satvara hostel.org.** ટ્રસ્ટ રજીસ્ટર્ડ નં. એ/૮૫૮/ગાંધીનગર તા. ૨૯/૬/૨૦૨૦

**80 (G) રજી નં. ITBA / EXM /S / 80(G)/2020-21/103140769 (1) dt.11-3-2021**

સતવારા સમાજના તમામ આદરણીય જ્ઞાતિજનોને અમારા વંદન જય સિદ્ધનાથ....

આપણે સૌ જાણીએ છીએ કે, આજના સમયમાં શિક્ષણનું અનેરૂ મહત્વ છે. **''જે સમાજ શિક્ષિત, તે સમાજ વિકસિત''** એ આજના સમયની હકીકત છે. મિત્રો જ્યારે સમાજમાં શિક્ષણનું બહુ મહત્વ ન હતું ત્યારે પણ સમાજના દુરંદેશી વડીલોએ સમાજને શિક્ષિત કરવામાં અને સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ભોગ આપેલો હતો. શિક્ષણ માટે જાગૃતિનો અભાવ તેમજ માણસોની નબળી આર્થિક પરિસ્થિતિમાં પણ છાત્રાલયનું નિર્માણ કરેલું. બસ એ જ રાહ પર ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં અતિ આધુનિક છાત્રાલયના નિર્માણ માટે ૫.૨૫ વિઘા જગ્યા ગાંધીનગર ખાતે અમદાવાદ હાઈવેથી ખૂબ જ નજીક જમીન ખરીદ કરવામાં આવેલ છે. તેમ જ હંગામી ધોરણે બાંધકામ કરીને વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલી છે.

હાલમાં બોર્ડિંગ ચાલુ કરેલ ત્યારથી ૨૫ વિદ્યાર્થીઓ અહીંયા રહીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. તેમજ આજુબાજુની કોલેજની ડિગ્રી/ ડિપ્લોમાનો અભ્યાસ કરે છે. **હાલમાં વિદ્યાર્થીઓ માટે એડમિશન વહેલા તે પહેલાના ધોરણે ચાલુ છે.** શ્રી સમસ્ત સતવારા સમાજ સમાજ શૈક્ષણિક અને ચેરિટેબલ ટ્રસ્ટ **ગાંધીનગર ટ્રસ્ટનું 80 (G) તેમજ 12AA પ્રમાણપત્ર આવી ગયેલ છે.** તો દાન આપનાર દાતાઓ ઈન્કમટેક્ષનો લાભ લઈ શકશે. તેથી નોકરી કરતા ભાઈઓ-બહેનો અને બિઝનેસમાં ઈન્કમટેક્ષ ભરતા બધા જ મિત્રોને સંસ્થામાં દાન આપીને ઈન્કમટેક્ષનો લાભ લેવા વિનંતી છે.

હાલના સમયમાં સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી ફરજિયાત છે. તેથી ગાંધીનગર ખાતે **IAS, IPS, Collector,** પ્રાંત અધિકારી , મામલતદાર, તલાટી વગેરે સરકારી હોદ્દા માટે અનેક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનું એક બિલ્ડીંગનું બાંધકામ કરવાનું વિચારેલ છે. તેથી ગાંધીનગર ખાતે હોસ્ટેલ કે બોર્ડિંગનું અનેરૂ મહત્વ છે. અને સાંપ્રત સમયમાં જરૂરિયાત પણ છે. સતવારા સમાજ માટે ખૂબ જ ઉપયોગી અને મહાકાય પ્રોજકટને જુજ માણસો હાથ પર લેશે તો પહોંચી વળાય તેમ નથી. તેથી




આપણે સૌ સાથે મળીને તન-મન-ધનથી સહકાર આપીશું તો ગમે તેવા મોટા પ્રોજેકટને પણ આસાનીથી પાર પાડી શકીશું. સમાજના વિકાસની વાતો કરવાથી અને ઘરે બેસી રહીને ચિંતા કરવાથી સમાજનો વિકાસ થવાનો નથી માટે આપણા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે બોર્ડિંગનું નિર્માણ થવું ખૂબ જ જરૂરી છે. માટે આશા રાખીએ છીએ કે, આ લેખ વાંચ્યા બાદ સમાજના દરેક વ્યક્તિ શિક્ષણ માટે જાગૃત થશે એવી અમને પૂરી શ્રદ્ધા છે. અને સમાજના આ શિક્ષણરૂપી ભવ્ય સરસ્વતી મંદિરના નિર્માણમાં સામે ચાલીને સહયોગ કરશો. આપણે બધાએ આ સમાજને આગળ લાવવા મહેનત કરવી પડશે. તો આવો આપણે સાથે મળીને આ ભગીરથ કાર્યને તન-મન-ધનથી સહયોગ કરીએ જય સતવારા જય હિન્દ

**દાન આપવા માટે બેંક ખાતાની વિગત નીચે મુજબ છે. અને આપના દ્વારા કરેલ દાનની રકમ 80 (G) માં બાદ મળશે. PAN No. AAZTS9683C**

**શ્રી સમસ્ત સતવારા સમાજ શૈક્ષણિક અને ચેરીટેબલ ટ્રસ્ટ-ગાંધીનગર**

**બેન્કનું નામ : બેંક ઓફ બરોડા, ખાતા નં. ૪૫૯૭૦૨૦૦૦૦૨૧૭૩**

**IFSC** કોડ : **BARBoSARGAS** (પાંચમો અંક શૂન્ય છે.) શાખા : સરગાસણ ચોકડી, ગાંધીનગર

**સંપર્ક : શ્રી નરેશભાઈ કણઝારીયા- ૯૦૯૯૨ ૮૮૫૫૫**

**શ્રી ગોકુલભાઈ ડાભી : ૯૯૭૯૮ ૯૬૨૦૧**

**શ્રી કૈલાશભાઈ કણઝારીયા : ૯૫૧૦૯, ૫૭૮૯૯,**

**શ્રી અશોકભાઈ ચાંપાનેરી : ૯૮૨૪૧ ૧૦૮૨૪**

શ્રી સતવારા જ્ઞાતિ મંડળ (સાર્વ ટ્રસ્ટ રજી. નં. એ ૨૫૦૫, તા. ૦૬-૦૨-૧૯૯૧)

# શ્રી સમસ્ત સતવારા કન્યા છાત્રાલય રાજકોટ

સૈનિક સોસાયટી પાછળ, નાગેશ્વર મંદિર પાસે, જામનગર હાઈવે રોડ, રાજકોટ

આપ શ્રી જાણો છો કે રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર કહેવાય અને શિક્ષણનું મુખ્ય કેન્દ્ર પણ છે. રાજકોટમાં આપણા સમાજની ૪૦૦ થી વધારે દીકરીઓ ભાડાના મકાનમાં રહીને અભ્યાસ કરે છે. ઘણી તેજસ્વી અને હોંશિયાર વિદ્યાર્થીનીઓ (દીકરીઓ) તેમના પિતાની આર્થિક પરિસ્થિતિ સાધારણ કે નબળી હોવાથી રાજકોટ જેવા શહેરમાં ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જાય છે. પરંતુ રાજકોટમાં દીકરીઓ માટે બોર્ડિંગની વ્યવસ્થા ન હોવાથી અભ્યાસ કરી શકતી નથી. તેથી ગેસ્ટ હાઉસ, ધર્મશાળા કે હોટેલમાં રોકાવું પડે છે. જે આ સમયમાં યોગ્ય જણાતું નથી. રાજકોટમાં કન્યા છાત્રાલય હોવું એ આજના સમયની ખાસ જરૂરિયાત છે.

ગુજરાત સરકારશ્રીએ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે સમાજને ૨૦૦૦ વાર જેટલી જમીન બજાર ભાવથી ૫૦ ટકા (અડધી કિંમતે) ગુજરાત ભરના સમાજના દાતશ્રીઓના સહયોગથી મેળવેલ છે. જેમાં ટૂંક સમયમાં અદ્યતન ભવનનું બાંધકામ શરૂ કરવાનું હોય સમગ્ર સમાજને અમારી ખાસ નમ્ર અપીલ છે કે આપ સૌ ઉદાર હાથે દાન આપી આ મહાયજ્ઞના ભાગીદાર બનો એવી આશા અને અપેક્ષા-સહ શિક્ષણરૂપી ગંગાપ્રવાહમાં જોડાઈ આ ભગીરથ કાર્યને આપણે સૌ દાન રૂપી આહુતિ આપી વહેલામાં વહેલી તકે દીકરીઓ માટે વિદ્યાર્થી ભવન પૂરૂ કરીએ તેવી નમ્ર વિનંતી.

કન્યા છાત્રાલયના નિર્માણમાં આપ વધુ ને વધુ દાન આપો તેમજ બીજાને દાન આપવા માટે સમજાવો અને જે લોકોએ અગાઉ દાન નોંધાવેલ છે તેઓએ તાત્કાલિક દાન જમા કરવા વિનંતી કરવામાં આવે છે.

## દાન યોજના

**(૧) ૧૧,૦૦૦/- તકતીમાં નામ**

**(૨) ૧૫,૦૦૦/- એકવાર ભૂમિદાનની તકતીમાં નામ**

**(૩) ૨૫,૦૦૦/- તકતીમાં બે વ્યક્તિના નામ**

**(૪) ૫૧,૧૧૧/- તકતીમાં પરિવારનું નામ**

**(૫) ૧,૧૧,૧૧૧/- ગાળાના દાતાશ્રીની નામની તકતી**

**(૬) ૧,૫૧,૧૧૧/- દસ (૧૦) વાર ભૂમિદાનની તકતી**

**(૭) ૨,૫૧,૦૦૦/- રૂમના દાતાશ્રી**



**(૮) ૩,૦૦,૦૦૦/- વહીવટી ઓફીસ દાતાશ્રી**

**(૯) ૫,૫૧,૧૧૧/- રસોડું તેમજ સ્ટોરરૂમ દાતાશ્રી**

**(૧૦) ૧૧,૧૧,૧૧૧/- પ્રાર્થના હોલના દાતાશ્રી**

**(૧૧) ૧૧,૧૧,૧૧૧/- ભોજનાલય (અન્નપૂર્ણા હોલ)ના દાતાશ્રી**

**(૧૨) ૧૧,૧૧,૧૧૧/- મંદિરના દાતાશ્રી**

**(૧૩) ૨૫,૦૦,૦૦૦/- એક માળ-એક વિંગના દાતાશ્રી (A વિભાગ)**

**(૧૪) ૨૫,૦૦,૦૦૦/- એક માળ-એક વિંગના દાતાશ્રી (B વિભાગ)**

**(૧૫) ૧,૧૧,૧૧,૧૧૧/- કન્યા છાત્રાલયના મુખ્ય દાતાશ્રી (ભવનનું નામકરણ)**

## શ્રી સતવારા કન્યા છાત્રાલય રાજકોટ બેંક એકાઉન્ટ ડિટેઇલ

**Name:-SHREE SATWARA KANYA CHHATRALAY RAJKOT** (શ્રી સતવારા કન્યા છાત્રાલય રાજકોટ)
**ACCOUNT NO : 101294600000091,**
**ISFC CODE : YESB0001012**
**BANK NAME : YES BANK,**
**BARNCH - RAIYA ROAD BRANCH**

**દાન નોંધાવવા સંપર્ક કરવો (પત્ર વ્યવહારનું સરનામું)**

સતવારા વિદ્યાર્થી ભવન, રાજકોટ, સરસ્વતી પાર્ક,
રૈયા સર્કલ પાસે, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
શ્રી શાંતિભાઈ પરમાર (પ્રમુખશ્રી) ૯૮૨૫૩૭૬૯૩૨
શ્રી ભગવાનજીભાઈ પરમાર (ઉપપ્રમુખશ્રી) મો. ૯૨૭૬૦૮૭૦૦૪
શ્રી માવજીભાઈ મારવિયા (મંત્રીશ્રી) ૯૪૨૮૨૫૮૬૦૦
શ્રી વિજયભાઈ ખાંદલા (સહમંત્રીશ્રી) ૮૮૬૬૬૪૧૯૦૧
શ્રી હીરાભાઈ કણજારીયા (ખજાનચી) ૯૮૨૪૪૭૭૦૮૫

**માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કન્યા વિદ્યાલય ફોટો નાનો કરી સમાવો**

પ્રતિ, વાલી શ્રી, આપની દીકરી ધોરણ ૮ પાસ કરી ધોરણ ૯માં પ્રવેશ મેળવે છે તેમના આ માધ્યમિક સ્ટેજ માટે અમે ખૂબ ખૂબ શુભકામના પાઠવીએ છીએ. અભ્યાસમાં ઉત્તરત્તર પ્રગતિ કરી પરિવાર, કુટુંબ, સમાજ અને ગામનું નામ રોશન કરે એવી હાર્દિક શુભેચ્છા - જો આપ આપણી સંસ્થા સતવારા જ્ઞાતિ કન્યા કેળવણી સંકુલ-જામનગર ખાતે પ્રવેશ લો છો તો અહીં સુવિધા સભર હોસ્ટેલ તથા શાળા મળશે - છેલ્લા દસ વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માં ૧૦૦ ટકાથી એટલે કે અહીં ભણતી તમામ બહેનો પાસ થયેલ છે કેટલીક બહેનો ગણિત વિજ્ઞાન જેવા વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવેલ છે. આ કક્ષાની અમારી મહેનત છે તો આપણી દીકરી આપણા જ સંકુલમાં અભ્યાસ કરી આગળ વધે તે માટે અમે આ સંસ્થાનો વિકલ્પ મૂકીએ છીએ. દીકરીઓની સલામતી માટે કડક સિકયુરીટી, સીસીટીવી કેમેરા તથા ઉંચી ફેન્સીંગ વાળી કમ્પાઉન્ડ વોલ. તો આવો એક વખત અવશ્ય આપણા ગૌરવ સમા સંકુલની મુલાકાત લો. **- પી.ડી. પરમાર - પ્રમુખશ્રી**

## તારીખ ૨૧-૦૨-૨૦૨૬ ના ફાગણ સુદ ૪ શનિવારના રોજ ૯૨ વર્ષની વયે બહોળા પરિવાર વચ્ચેથી મોક્ષયાત્રાએ વિદાય લીધી છે.

# શ્રદ્ધાંજલિ




**સ્વ. અંબાલાલ શિવલાલ મોરી ચૌહાણ**

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં જન્મ સૌરાષ્ટ્રના દ્વાર સમા વિરમગામમાં પાયાનું શિક્ષણ અને અમદાવાદને ઉચ્ચ શિક્ષણ તથા કર્મભૂમિ બનાવી તારીખ ૨૧-૦૨-૨૦૨૬ ના ફાગણ સુદ ૪ શનિવારના રોજ ૯૨ વર્ષની વયે બહોળા પરિવાર વચ્ચેથી મોક્ષયાત્રાએ વિદાય લીધી છે.

જેમણે આખું જીવન સતત સંઘર્ષ, સેવા, સર્મપણ અને પરમાર્થ પ્રવૃતિમાં અર્પણ કર્યું. ધર્મપત્ની ચંદનબેન પરિવારજનો સંબંધીઓ, જ્ઞાતિજનો, સોસાયટીના પરિવારજનો વિરમગામ મિત્રમંડળ, બેન્કના સ્ટાફ પરિવાર વચ્ચેથી અનંત યાત્રાએ ચાલ્યા ગયા છે તેમણે માત્ર આઠ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવી હતી. માતાલક્ષ્મીબેન અને નાનાભાઈ ચંદુભાઈની જવાબદારી સુપેરે નિભાવી, નાનપણથી ભણવામાં અત્યંત મેધાવી હોવાના કારણે સહ વિદ્યાર્થી અને શિક્ષણગણમાં માનીતા હતા નબળી આર્થિક પરિસ્થિતિ અને ટાંચા સાધનો વચ્ચે ફાનસના અજવાળે વાંચતા અને પરીક્ષામાં  પણ અવલ રહેતા. સરકારી સ્કોરલરશીપના સહારે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ લીધું.

નાનપણથી જ અનેક વિધ જવાબદારીઓ સાથે આત્મબળે વિરમગામમાં શિક્ષણ સાથે સાથે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની પ્રવૃત્તિસાથે જોડાયેલા. સંસ્કૃત પાઠશાળા વ્યાયામશાળા અને લાઈબ્રેરી ચલાવતા.જેના પગલે શિસ્તતા, નિયમિતતા, પ્રમાણિકતા, નીતિમત્તા, સખથ મહેનત જેવા ગુણોનું સિંચન થયું હતું.

જ્યારે વર્ષ ૧૯૫૦ના સમયે સાતકે દસ ચોપડી (ધોરણ) પાસ કરી હોય પછી આગળ ભણવાનું ઓછું પસંદ કરે તેવા સમયે ગ્રેજ્યુએટ થવાના સપના જોયા હતા. વિરમગામ છોડી વધુ અભ્યાસ અર્થે અમદાવાદ આવ્યા. ગુજરાત કોલેજમાં સરકારી સ્કોલરશીપના સહારે ઉચ્ચ અભ્યાસ સંપૂર્ણ કર્યો.  તે સમયે પણ દરિયાપુરમાં ૧૯૫૪ની સાલમાં સમાજના સેવા અર્થે કડિયા યુવક મંડળ ચલાવતા હતા.

મીતભાસી, પ્રભાવશાળી વ્યક્તિના કારણે પહેલા શિક્ષક અને એક વર્ષના ટૂંકા ગાળામાંજ દેનાબેંકની નોકરીમાં જોડાયા, સખત મહેનત, પ્રમાણિકતા અને નીતિમતા સાથે ફરજ નિભાવી સિનિયર મેનેજરની પોસ્ટ પરથી વર્ષ ૧૯૯૪માં નિવૃત્તિ થયા હતા. તેઓ બહોળો મિત્ર વર્ગ ધરાવતા હતા મૂળવતન ઋણચૂકવવા સદાય તત્પર રહેતાં.

મૂળ વિરમગામના હોય અને અમદાવાદમાં સ્થાયી થયેલા હોય તેવા વિવિધ જ્ઞાતિઓનું વિરમગામ મિત્રમંડળ ૧૯૭૦થી અમદાવાદમાં ચાલતું હતું તેમાં પણ આજીવન સિનિયર સલાહકાર સભ્ય રહ્યા હતા. શિક્ષણવિદ આચાર્ય સી.ટી.જાની સાહેબનું ઋણ ચુકવવા મોટો આર્થિક સહયોગ આપ્યો હતો. મંડળને અનેકવાર શિક્ષણ ફંડ પણ આપ્યું હતું. તો માતા - પિતા અને સ્વજનના નામે સ્મૃતિફંડ આપવાનો મોકો પણ ચૂકતા ન હતા. પોતે વેઠેલી પીડા સમાજના જરૂરિયાતમંદ ભણતા છોકરાઓને ના પડે તેવો ભાવ મનમાં હંમેશા ડંખતો, ૧૯૭૦, ૧૯૮૦ના દાયકામાં સમાજની સંગઠન પ્રવૃત્તિમાત્ર આંગળીને વેઢે ગણાય તેટલી જ હતી. તેવા સમયે જ્ઞાતિના અગ્રણીઓના સાથ સહકારથી શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ શરૂઆત કરી. મંડળ ટ્રસ્ટી રહ્યા. જેમાંથી પાછળથી સથવારા મહામંડળના બીજ રોપાયા.

સતવારા સમાજની કોઈ નોંધ લેતું ન હતું. તેવા સમયે સામાજિક અને શૈક્ષણિક રીતે માનભેર દરજ્જો મળે તેમા તનમનઅને ધનથી મંડળની સાથે રહી સેવા કરી. અમદાવાદ શહેરના જ્ઞાતિના બાળકોને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તથા યોગ્ય જીવન સાથી પસંદગીના યુવામેળા માટે પણ ઉદાર હાથે દાન કર્યું હતું. મહેનતુ અને શાંત સ્વભાવના તથા ઊંચા હોદ્દા ઉપર હોવા છતાં જમીન સાથે જોડાયેલા રહ્યા હતા દેના બેંકમાં ૩૩ વર્ષના લાંબી નિષ્ઠાવાન સેવાઓ આપી વર્ષ ૧૯૯૪માં નિવૃત્ત થયા. ત્યારબાદ પણ એક દાયકા સુધી બેન્કિંગ પ્રવૃત્તિ સાથે જોડાયેલા રહ્યા હતા.

પરોપકારી અને પારદર્શક સ્વભાવે સોસાયટીના સેક્રેટરીપદે પણ લગભગ બે દાયકા સુધી સેવા આપી હતી. સોસાયટીના કાર્યમાં પણ વહીવટી કુશળતા તથા તટસ્થતા આજે પણ સભ્યો યાદ કરે છે. નાનપણથી સંઘર્ષ વચ્ચે ધાર્મિક અને આધ્યાત્મિકતાના બીજરોપાયેલા. ભગવાનની ભક્તિમાં અડગ શ્રદ્ધા જે જીવન પર્યંત જોવા મળી. જીવનભર જ્ઞાનના શોધ કરી રહ્યા હતા. સાત્વિક અને પવિત્ર વિચારોએ ઢળતી ઉંમરે વર્ષ ૨૦૨૨ બાદ પૂર્ણપણે દાદા ભગવાન પરિવાર સાથે જોડાયા. છેલ્લા દિવસ સુધી નિયમિત પ્રતિક્રમણ અને સામાયિકના પાઠ કરતા કરતા ૯૨ વર્ષનું લાંબુ નીરોગી આયુષ્ય ભોગવી તારીખ ૨૧-૦૨-૨૦૨૬ના રોજ મોક્ષ ગતિને પામી ગયા. મૃત્યુ નિશ્ચિત છે તેમ છતાં પરિવારને ન પુરાય તેવી ખોટ પડી છે. ઈશ્વરને ગમ્યું તે ખરૂં. તેમનાં આત્માને શાંતિ મળે તેવી હૃદયથી પ્રાર્થના. પરિવાર સદાય ઋણી રહેશે. ભલે સદેહ આપણી વચ્ચે નથી પરંતુ આપની સૂક્ષ્મ અને સ્થૂળ ઉપસ્થિતિ આપના ગુણો હંમેશા પરિવાર અને આત્મીયજનોને પ્રેરણા પૂરી પાડતા રહેશે. અધૂરા કાર્યો પૂરા કરવાનું બળ આપશે તેવી અભ્યર્થના સાથે મહાત્માને શત..શત..નમન...

**રૂા. ૧૧૦૦ શ્રદ્ધાંજલી મહામંડળને આપેલ છે.**

**સંકલન : રજૂઆત - ચૌહાણ પરિવારના જયશ્રીકૃષ્ણ**

# શિક્ષણ અને સંસ્કારથી પ્રજ્જવલિત પરિવાર
# લીંબડી સતવારા સમાજનું ગૌરવ

પરિશ્રમ, સમર્પણ, સંસ્કાર અને શિક્ષણના સંગમથી ગઢાયેલો આ પરિવાર આજે સમાજમાં પ્રગતિની દીવાદાંડી સમાન બની રહ્યો છે.



**શૈક્ષણિક સિદ્ધિઓ અને સંઘર્ષ**

મૂળ લીંબડીના વતની અને હાલ ભાવનગર ખાતો સ્થાયી થયેલા શ્રી બિપીનભાઈ ગોરધનભાઈ ચૌહાણ એ સાબિત કરી દીધું છે કે દ્દઠ સંકલ્પ અને મહેનતથી કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. તેમના શૈક્ષણિક પ્રવાસની વિગતો નીચે મુજબ છે.

- શૈક્ષણિક કારકિર્દી દરમિયાન ૨૦૦૨ની સાલમાં ધોરણ-૧૦માં અંગ્રેજી વિષયના પેપરમાં તેઓ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રથમ ક્રમે રહ્યા હતા. જે સિદ્ધિ બદલ શ્રી એન.એમ. હાઈસ્કૂલ, લીંબડી તરફથી તેમને બક્ષિસ આપવામાં આવેલી.
- વર્ષ -૨૦૦૪ માં ધોરણ ૧૨ કોમર્સમાં ૮૦ % આવ્યા બાદ કુટુંબીઓ, સ્નેહીજનોનું PTC કરવા માટે દબાણ હોવા છતાં બિપીનભાઈએ એ વખતે MBA કરવાનું વિચાર્યું કે જે જમાનામાં ખૂબ જ ઓછું પ્રચલિત હતું અને જેના વિષે એ જમાનામાં ભાગ્યેજ કોઈને ખબર હતી.
- તેમણે અમદાવાદની ખ્યાતનામ કે.એસ.સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાંથી MBA કર્યું. એ સમયે આ કોલેજમાં એડમિશન મેળવવું ખુબજ કપરૂં ગણાતું હતું. ત્યારબાદ M.Com.ની પદવી હાંસલ કરી હતી.
- પોતાનાMBAના અભ્યાસ દરમિયાન તેઓ **અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલી સતવારા જ્ઞાતિની હોસ્ટેલમાં રહીને તૈયાર થયા છે. સમાજ તરફથી મળતા સહયોગનું ઉત્તમ ઉદાહરણ છે.**
- તેમણે વીમા ક્ષેત્રે સર્વોચ્ચ પદવી FIII (Fellow of the Insurance Institute of India) મુંબઈ ખાતેથી મેળવીને પોતાની વિદ્વત્તાનો પરિચય આપ્યો છે.

**વ્યવસાયિક કારકિર્દીનો ગ્રાફ**

અભ્યાસ પૂર્ણ કર્યા બાદ, બિપીનભાઈએ અમદાવાદની પ્રતિષ્ઠિત કલેરિસ લાઈફસાયન્સ લિમિટેડમાં ૨૦૦૯ થી ૨૦૧૪ સુધી ૫ વર્ષ સુધી સેવા આપી. ત્યારબાદ વર્ષ ૨૦૧૪માં તેઓ ભારતની સૌથી મોટી અને નામાંકિત જનરલ ઈન્સ્યુરન્સ કંપની ધ ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડમાં કલાસ-૧ઓફિસર તરીકે જોડાયા.

- તાજેતરમાં જ તેમની ઉત્કૃષ્ટ કામગીરી, પ્રોડકટ નોલેજ અને મહેનતને ધ્યાને રાખી તેમને સુરેન્દ્રનગર ખાતે સીનિયર બ્રાન્ચ મેનેજર (Scale-3) થી બઢતી Promotion આપી ભાવનગર ખાતે સીનિયર ડિવિઝનલ મેનેજર (Scale-4) જેવી જવાબદારી સોંપવામાં આવી છે. ૧૨ વર્ષની ટૂંકી સેવામાં ૩ પ્રમોશન મેળવવા એ તેમની કાર્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે.

**કૌટુબિક પૃષ્ઠભૂમિ અને પ્રેરણા**

પરિવારમાંથી સૌથી નાના એવા બિપીનભાઈની સફળતામાં તેમના માતા-પિતાના આશીર્વાદ, કુટુંબીઓ તથા મિત્રોના માર્ગદર્શન અને સતવારા સમાજના સહયોગનો સિંહફાળો રહ્યો છે.

- તેમના પિતાશ્રી ગોરધનભાઈ ચૌહાણચુડા તાલુકાના કરમડ ગામના વતની છે જેઓ માત્ર ધોરણ માત્ર ધોરણ-૫ સુધી ભણેલા છે. અને માતૃશ્રી ગોખરવાળા ગામના છે. જેમણે ક્યારેય શાળાનું પગથિયું ચઢ્યું નથી, આવી સામાન્ય આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ હોવા છતાં, આ દંપતીએ પોતાના પુત્રના શિક્ષણમાં કોઈ કમી ન રાખી અને આજે તેમનો પુત્ર સમાજનું ઘરેણું બન્યો છે.
- તેમના પરિવારમાં ચાર બહેનો છે, જેઓ અમદાવાદ, પાણશીણા અને ધંધુકા ખાતે સાસરે

સ્થાયી છે.

**આદર્શ જીવનસંગિની અને મોસાળ પક્ષ**

● ધર્મપત્નીં શ્રીમતી અનીતાબેન બિપીનભાઈ ચૌહાણ (લીંબડી), જેમણે PTC કર્યા બાદ લગ્ન પછી અમદાવાદની નવગુજરાત કોલેજમાંથી B.A. (Psychology) માં કોલેજમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે અને હાલ ઘરની જવાબદારી સંભાળે છે.

● સંતાનો : પુત્ર રાજ અને પુત્રી રિયા, જેઓ ભાવનગરની ફાતિમા કોન્વેન્ટ સ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરે છે અને સંતાનોને સ્કેટિંગ સ્પર્ધામાં જીતીને રમતગમતક્ષેત્રે પણ પરિવારનું નામ રોશન કર્યું છે.

ખરેખર, આ પરિવાર સતવારા સમાજ માટે એક પ્રેરણારૂપ આદર્શ છે. જે દર્શાવે છે કે યોગ્ય શિક્ષણ અને જ્ઞાતિના સહકારથી કોઈ પણ ઊંચાઈ સર કરી શકાય છે.

**સમાજ પ્રત્યે કૃતજ્ઞતા**

ભાવનગર ખાતે સીનિયર ડિવિઝનલ મેનેજર તરીકેના પ્રમોશનના શુભ પ્રસંગે, શ્રી બિપીનભાઈના પત્નીએ સતવારા દર્પણ મેગેઝિનને રૂ. ૧૦૦૮ની ભેટ અર્પણ કરી સમાજ પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી છે.

જીવનમંત્ર : શિક્ષણ એ જ સૌથી મોટી સંપત્તિ છે.

**સંકલન : ભાર્ગવભાઈ કટેશીયા**
**વિદ્યાર્થી ભવન - વાડજ**

# સગાઈ વિધીની નવીન શરૂઆત

આ સગાઈ ઓસ્ટ્રેલિયામાં થઈ સમાજના ઘણા લાકોના છોકરાઓ છોકરીઓ વિદેશમાં રહે છે. તેઓ સ્પેશીયલ સગાઈ માટે આવતા હોય છે. આજે વિદેશથી આવવા જવાનો ખર્ચ ઘણો થાય છે. આવી રીતે સગાઈ થાય તો તે ખર્ચ નહિવત થશે અને બચત થશે આ કાર્ય ઘણું સારૂં કાર્ય ઉત્તમ છે મારૂં માનવું છે.

સવિનય સાથે જણાવવાનું કે શ્રી ચંદ્રેશભાઈ એમ કડિયા અને શ્રીમતી જાગૃતિબેન સી. કડિયા (રહેવાસી મણિનગર, અમદાવાદ વતન : ધંધુકા)ની સુપુત્રી ડૉ. વિધી Physiotherapist) ની સગાઈ શ્રી કિર્તીભાઈ બી. ચાવડા અને શ્રીમતી સોનલબેન કે. ચાવડા (રહેવાસી રાણીપ, અમદાવાદઃ બોટાદ) ના સુપુત્ર ધ્રુવ (B.Pharm) સાથે અમારી દીકરીની સગાઈનો શુભ પ્રસંગ તારીખ ૨૯-૦૪-૨૬, રવિવાર બેંકવેટ હોલમાં અમદાવાદ ખાતે પરિવારજનો અને સ્નેહીઓની હાજરીમાં આનંદ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો.

દિકરી વિધિ અને જમાઈ ધ્રુવ બંને હાલમાં સિડની (ઓસ્ટ્રેલિયા)માં રહેતા હોવાથી સગાઈની વિધિ ત્યાં યોજાઈ હતી. આધુનિક ટેકનોલોજીના માધ્યમથી સમગ્ર કાર્યક્રમને પ્રોજેકટર પર ટયુબ લાઈવ વિડીયો દ્વારા અમદાવાદ ખાતે જીવંત નિહાળવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે અહીં ઉપસ્થિત તમામ પરિવારજનો અને સ્નેહીઓએ પણ આ પવિત્ર અને આનંદમય ક્ષણનો આત્મીય અનુભવ કર્યો હતો.

આ પ્રસંગે બંને પરિવારો વચ્ચે પ્રેમ, લાગણી અને સંસ્કારનું સુંદર મિલન જોવા મળ્યું હતું. દૂર રહીને પણ દિલથી નજીક હોવાનો અહેસાસ દરેકને થયો હતો. સગાઈની તમામ વિધિઓ હર્ષોલ્લાસ અને શુભ આશીર્વાદ સાથે પૂર્ણ થઈ હતી.

આ પ્રસંગે સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના પ્રમુખશ્રી ભરતભાઈ જી. પરમાર, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ સી. મકવાણા, સતવારા દર્પણના તંત્રી શ્રી રમણલાલ સી. મકવાણા અમદાવાદ મંડળના મંત્રી શ્રી જયેશભાઈ આઈ. રાઠોડ, ખજાનચી શ્રી પરાગભાઈ એ. સોનગ્રા, શ્રી ઈશ્વરભાઈ એમ. પરમાર વિગેરે મહાનુભાવોએહાજરી આપી હતી. આ શુભ અવસરે શુભેચ્છા પાઠવનાર અને કાર્યક્રમમાં હાજરી આપનાર તેમજ ઓનલાઈન જોડાઈ આશીર્વાદ આપનાર તમામ સ્વજનો, મિત્રો અને સ્નેહીઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. રૂા. ૫૦૦ ખુશીભેટ મોકલાવેલ છે.

**લિ. ચંદ્રેશભાઈ એમ. કડિયા- અમદાવાદ**
**સહમંત્રી : શ્રી સતવારા જ્ઞાતિ મંડળ, અમદાવાદ**

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા તાલુકા પંચાયત/જીલ્લા પંચાયત/ નગરપાલિકા/ મહા નગરપાલિકામાં વિજેતા-ચુંટાયેલા સભ્યોના નામ સતવારા દર્પણમાં પ્રકાશિત કરી તેમને બિરદાવવા અંગે

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત સતવારા દર્પણમાં રાજકીય પક્ષમાં ઉમેદવારી કરીને ચુંટાયેલા વિજેતા થયેલ આપણા સમાજના લોકોના નામ સતવારા દર્પણમાં નામ આવે સમાજ તેમને ઓળખે-જાણે તેમના વિસ્તારમાં કોઈ તકલીફ હોય તો તો તકલીફ દુર કરી સેવા કરે તેમના પ્રશ્નોના નિકાલ થાય ચુંટાયેલા સભ્યો એકબીજાનો પરીચય થાય તેમની આગવી ઓળખ ઉભી થાય. સમાજના પ્રશ્નો હલ કરે આપણે પક્ષાપક્ષીથી દુર રહી ભારતીય જનતા પાર્ટી /કોંગ્રેસ,/આમ આદમી પાર્ટી કે અપક્ષ- નિર્દલીય હોય તો તેમને નામ સરનામા શહેર / ગામનું નામ મોબાઈલ નંબર સાથે નીચે જણાવેલા વોટ્સએપ નંબર પર મોકલી આપવા વિનંતી છે. આપણે અગાઉ પણ આ રીતે ચુંટાયેલા સભ્યોના નામ સતવારા દર્પણમાં પ્રકાશિત કર્યા હતા. આ વખતે પણ પ્રકાશિત કરવા આપ દરેક ચુંટાયેલા સભ્યો આમા સહયોગ આપશે એવો મને વિશ્વાસ છે. આ વખતે જે ચુંટાયેલા સભ્યો છે જે મને નામ મોકલ્યા છે તેમના નામ જુન માસમાં પ્રકાશિત કરેલ છે. ચુંટણીનું રિઝલ્ટ આવ્યા બાદ હજુ પણ ચુંટાયેલા સભ્યોએ નામ ન મોકલ્યા હોય તો તેઓ વહેલી તકે તેમના નામ મોકલી આપવા વિનંતી છે. જેથી આપણે જુલાઈ માસના અંકમાં નામ પ્રકાશિત કરી શકાય.

**શ્રી રમણલાલ સી. મકવાણા - તંત્રી શ્રી સતવારા દર્પણ**

**સંપર્ક વોટ્સએપ નં. મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧**

**નીચે દર્શાવેલ કોઠા પ્રમાણે મોકલવા વિનંતી છે.**

| ૧ | | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ક્રમ | પુરૂં નામ<br>સરનામું | વિસ્તાર<br>વતન<br>મો. નંબર | પક્ષનું નામ નોંધ<br>અપક્ષ હોય તો<br>અપક્ષ લખવું | કેટલા વર્ષથી સમાજ સેવામાં<br>જોડાયેલા કે સંકળાયેલા છો<br>કોઈ હોદ્દો હોય તો જણાવવો |
| ૧. | શ્રીમતી જશોદાબેન<br>સતીષભાઈ<br>દલવાડી | વિરમગામ નગરપાલિકા<br>વિરમગામ<br>૯૮૨૫૦ ૩૪૭૮૮ | ભારતીય જનતા<br>પાર્ટી<br>બિનહરીફ | ૨૦૧૫ થી ૨૦૨૦ સુધી<br>નગરપાલિકા સદસ્ય વિરમગામ<br>પક્ષના નેતા વિરમગામ નગરપાલિકા |
| ૨. | શ્રી સુરેશભાઈ<br>જગદીશભાઈ<br>દલવાડી | વિરમગામ નગરપાલિકા<br>વિરમગામ<br>૯૮૨૪૦૩૩૫૯૯ | ભારતીય જનતા<br>પાર્ટી | ૨૦૨૧ થી ૨૦૨૬ વિરમગામ<br>નગરપાલિકા સદસ્ય ટ્રસ્ટી સિદ્ધનાથ<br>મહાદેવ ટ્રસ્ટ, ટ્રસ્ટી એજ્યુકેશન ટ્રસ્ટ<br>૨૫ વર્ષથી |

| ૧ | | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ક્રમ | પુરૂં નામ<br>સરનામું | વિસ્તાર<br>વતન<br>મો. નંબર | પક્ષનું નામ નોંધ<br>અપક્ષ હોય તો<br>અપક્ષ લખવું | કેટલા વર્ષથી સમાજ સેવામાં જોડાયેલા<br>કે સંકળાયેલા છો કોઈ હોદ્દો હોય તો<br>જણાવવો |
| ૩. | ચેતનાબેન ધર્મેશભાઈ<br>કડિયા બી.૧૧૬<br>શ્રી જીવરાજ પાર્ક<br>નારાયણનગર રોડ,<br>ખોડીયાર નગર<br>અમદાવાદ | વિરાટનગર વોર્ડ<br>અમદાવાદ<br>મો. ૭૫૭૪૦ ૯૫૭૭૭<br>વતન - રતનપુર<br>તા. વઢવાણ | ભારતીય<br>જનતા પાર્ટી | સામાજીક કાર્યકર<br>નોંધ : શ્રી જયંતીભાઈ એન. સથવારા<br>એડવોકેટ એન્ડ નોટરીના સમાજના<br>તેમજ ભા.જ.પ.ના સક્રિય કાર્યકરના<br>પુત્રવધુ છે. |
| ૪. | શ્રી સંજયભાઈ<br>કનૈયાલાલ<br>સથવારા | વટવા વોર્ડ<br>અમદાવાદ<br>મો. ૯૮૨૫૩ ૫૪૯૩૮<br>વતન - ઉંઝા-મહેસાણા | ભારતીય જનતા<br>પાર્ટી | ૨૨ વર્ષથી પક્ષમાં તથા પાટણમાં પરગણા<br>સતવારા કડિયા કેળવણી મંડળ-અમદાવાદ/<br>મહેસાણા |
| ૫. | શ્રી અવિનાશભાઈ<br>સથવારા | વડાલી<br>તા. વડાલી<br>જી. સાબરકાંઠા | કોંગ્રેસ | વડાલી સતવારા સમાજના પ્રમુખ વડાલી<br>નાગરિક સહકારી બેંકમાં વર્ષ ૨૦૨૧થી<br>૨૦૨૫ સુધી ડાયરેકટર |
| ૬. | શ્રી રાજેન્દ્રભાઈ ડાયા<br>લાલ સથવારા,નીલકંઠ<br>મહાદેવની પાસે,ઢેબડી<br>ખેરાલુ, જી. મહેસાણા | ખેરાલુ<br>મો. ૯૪૨૬૨ ૩૧૫૦૦ | ભા.જ.પ. | પ્રમુખશ્રી ખેરાલુ સથવારા કડિયા સમાજ<br>ટ્રસ્ટ, પ્રમુખ વડલાવાળા બહુચર યુવક મંડળ<br>ખેરાલુ, નગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટી<br>ચેરમેનશ્રી, ખેરાલુ નગર પાલિકા |
| ૭. | વિમલકુમાર મહેશભાઈ<br>સથવારા | ખેરાલુ<br>મો. ૯૯૭૮૩ ૦૮૨૯૯ | ભા.જ.પ | સામાજીક કાર્યકર્તા તથા સથવારા કડિયા<br>સમાજ ખેરાલુ ચેરમેન પાણી પુરવઠા<br>વિભાગ ખેરાલુ |
| ૮. | શ્રીમતી ભગવતી બેન<br>ગીરીશભાઈ લકુમ | ઘનશ્યામપુર હળવદ<br>વિસ્તાર, જિલ્લા પંચાયત | ભા.જ.પ. | સામાજીક કાર્યકર્તા તેઓશ્રી મહામંડળના<br>મહામંત્રી શ્રી ગીરીશભાઈ એસ. લકુમના<br>ધર્મપત્ની છે. ગીરીશભાઈની સેવાઓ<br>સમગ્ર સતવારા સમાજ જાણે છે. |
| ૯. | શ્રીમતી શીતલબેન<br>અનીલભાઈ કણઝરીયા | ઘનશ્યામપુર તાલુકા<br>તાલુકા પંચાયત તા.<br>હળવદ, જી. મોરબી | ભા.જ.પ. | સામાજીક કાર્યકર્તા, હળવદ તાલુકામાં<br>હાલમાં પંચાયતમાં પ્રમુખ તરીકે ચુંટાયા<br>છે. |
| ૧૦. | શ્રી મનસુખભાઈ<br>કણઝરીયા | માલણીયાદ ગામ<br>તાલુકા પંચાયત<br>તા. હળવદ | ભા.જ.પ. | સમાજના તથા ભાજપના કાર્યકર્તા |
| ૧૧. | શ્રીમતી કવિતાબેન<br>ભાવેશભાઈ હડીયલ | ટીકર, તાલુકા પંચાયત<br>તા. હળવદ | ભા.જ.પ. | સમાજના તથા ભાજપના<br>સામાજીક કાર્યકર્તા |
| ૧૨. | શ્રી ચંદુભાઈ મોરી | ચરાડવા, તાલુકા પંચાયત<br>તા. હળવદ | આમ આદમી<br>પાર્ટી | સામાજીક કાર્યકર્તા |

| ક્રમ | ૧<br>પુરૂં નામ<br>સરનામું | ૨<br>વિસ્તાર<br>વતન<br>મો. નંબર | ૩<br>પક્ષનું નામ નોંધ<br>અપક્ષ હોય તો<br>અપક્ષ લખવું | ૪<br>કેટલા વર્ષથી સમાજ સેવામાં જોડાયેલા<br>કે સંકળાયેલા છો કોઈ હોદ્દો હોય તો<br>જણાવવો |
|---|---|---|---|---|
| ૧૩. | શ્રીમતી કસ્તુરીબેન ચમનભાઈ કણઝરીયા | સાપકડા. તા. પંચાયત તા. હળવદ | કોંગ્રેસ | સામાજીક કાર્યકર્તા |
| ૧૪. | શ્રી ભાવેશભાઈ અરજણભાઈ કંઝારીયા ૐવિલા, કેનાલ રોડ ઉમીયા નગર સર્કલ શનાળા રોડ, મોરબી | સદસ્ય,મારબી મહાનગર પાલિકા વોર્ડ-૧૦ મો. ૮૦૦૦૦ ૮૮૮૮૦ ૯૮૨૫૬ ૦૮૩૬૮ | ભા.જ.પ. | ભારતીય જનતા પાર્ટીમાં ૨૦ વર્ષથી જવાબદારી ૧ ટર્મ ઉપ પ્રમુખ શ્રી મોરબી શહેર, ૨ ટર્મ મહામંત્રી શ્રી મોરબી નગર ભા.જ.પ. ૨૦૧૫ થી મોરબી નગર પાલિકાના કાઉન્સિલર વોર્ડ નં.૧૧ સામાજીક જવાબદારી ● શ્રી સમસ્ત સતવારા સમાજ ગાંધીનગરમાં ટ્રસ્ટી ● રાજકોટ કન્યા છાત્રાલયના સભ્ય શ્રી સતવારા સહકાર મંડળના ત્રણ ટર્મ કન્વીનર મોરબી સતવારા સમાજના આગેવાન |
| ૧૫. | શ્રીમતી વીણાબેન માવજીભાઈ કંઝારીયા રંગાણીની વાડી, નાની વાવડી રોડ, વાવડી ચોક બાયપાસ મોરબી | સદસ્ય, મોરબી મહાનગર પાલિકા વોર્ડ૧ મો. ૯૮૨૫૪ ૦૩૬૧૪ મો. ૯૨૨૬૩ ૯૪૫૧૪ | ભા.જ.પ. | ભારતીય જનતા પાર્ટી જવાબદારી છેલ્લા ૨૦ વર્ષથી કાર્યકર્તા છેલ્લી ૨ ટર્મથી થયા સક્રિય સભ્ય, પૂર્વ નગર પાલિકાના ચેરમેનના ધર્મપત્ની મહિલી ધૂન મંડળ પ્રમુખ છેલ્લા ૧૫ વર્ષથી |
| ૧૬. | શ્રીમતી અલ્પાબેન રોહિતભાઈ કંઝારીયા ઘર નં. ૩૮, શેરી નં. જાગાની વાડી ગોકુલનગર પાછળ શનાળા રોડ, મોરબી | સદસ્ય મોરબી મહાનગર પાલિકા, વોર્ડ નં. ૧૦ મોરબી મો. ૯૯૦૯૨ ૪૬૦૮૩ | ભા.જ.પ. | પૂર્વ કાઉન્સીલર વોર્ડ ૧૧ મોરબી મહા નગર પાલિકા (૨૦૨૧) ભા.જ.પ.ના કાર્યકર ૧૨ વર્ષથી સતવારા સમાજના જુદા જુદા સામાજીક શૈક્ષણિક અને ધાર્મિક સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ કાર્ય કરે છે તેમજ જાગાબાપા બચત ગ્રુપના મહિલા પ્રમુખ છે. |
| ૧૭. | શ્રીમતી જસવંતીબેન પ્રવિણભાઈ સોનગ્રા ગુરૂકૃપા વાઘપરા શેરી નં.૪, ઠાકર લોજ પાછળ, મોરબી | સદસ્ય વોર્ડ - ૧૩ મોરબી મહાનગર પાલિકા મોરબી મો. ૭૦૧૬૮૫૬૫૧૧ | ભા.જ.પ | છેલ્લા ૧૫ વર્ષથી ભા.જ.પ.ના સક્રિય કાર્યકર મોરબી શહેર સંગઠન કારોબારી સભ્ય વર્ષ ૨૦૨૧માં મોરબી નગરપાલિકા ના સદસ્ય વોર્ડ, ૧૩ ના હતા શ્રી સતવારા સહકાર મંડળમાં છેલ્લા આઠ વર્ષથી સભ્ય સખી મંડળોની જવાબદારી, મોરબી સતવારા મહિલા મંડળમાં સભ્ય |

| | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ક્રમ | પુરૂં નામ<br>સરનામું | વિસ્તાર<br>વતન<br>મો. નંબર | પક્ષનું નામ નોંધ અપક્ષ હોય તો અપક્ષ લખવું | કેટલા વર્ષથી સમાજ સેવામાં જોડાયેલા કે સંકળાયેલા છો કોઈ હોદ્દો હોય તો જણાવવો |
| ૧૮. | શ્રીમતી જલ્પા બેન ડાયાલાલ સોનગ્રા ભગવતી પરા ડૉ. પ્ર પશ્ચિમ ચગ શેરી, કપીલા હનુમાન ટેમ્પલ વાવડી રોડ, મોરબી | સદસ્ય, વોર્ડ નં.૭ મોરબી,મહાનગરપાલિકા મોરબી<br>મો. ૯૭૨૭૨ ૦૨૭૨૭ | ભા.જ.પ. | માધાપર સતવારા ગરબી મંડળમાં સક્રિય કાર્યકર્તા, સિદ્ધનાથ સેવા સમિતિમાં સક્રિય કાર્યકર્તા તથા માધાપર સતવારા જ્ઞાતિમાં ઉત્સવમાં સક્રિય કાર્યકર્તા |
| ૧૯. | શ્રી રાજેશભાઈ કાનજી ભાઈ ડાભી વજેપર શેરી નં.૫, મોરબી | સદસ્ય, મોરબી મહાનગર પાલિકા મોરબી<br>મો. ૯૭૧૨૯૬૮૧૯૮ | ભા.જ.પ. | ૧૯૯૫ થી બુથ લેવલના કાર્યકર્તા વર્ષ ૨૦૧૦માં પાર્ટીમાંથી મહામંત્રી તરીકે જવાબદારી સંભાળેલ. વર્ષ ૨૦૧૧માં ભા.જ.પ.ના કારોબારી સમિતિના સભ્ય તરીકે વજેપર સતવારા સમાજના ટ્રસ્ટ દ્વારા આર્થિક રીતે નબળા લોકોને દર મહિને અનાજ વિતરણ વજેપરગામ સતવારા સમાજની વાડીમાં પ્રમુખશ્રી તરીકે તથા સામાજીક તહેવારોમાં સક્રિય ભુમિકા. |
| ૨૦. | શ્રીમતી ભારતીબેન ચુનીલાલ પરમાર જય દ્વારકાધીશ ઢેઢીની વાડી બોરીયા પાટી કેનાલ રોડ, મોરબી | સદસ્ય, મોરબી મહાનગર પાલિકા મોરબી, વોર્ડ નં. ૧૧<br>મો. ૯૮૭૯૩ ૧૪૮૮૦ | ભા.જ.પ. | ભારતીય જનતા પાર્ટીમાં બુથ પ્રમુખ સામાજીક કાર્ય ગોપી મહિલા મંડળમાં સક્રિય રીતે સેવા |
| ૨૧. | શ્રી ગણેશભાઈ નાનજી ભાઈ ડાભી | સદસ્ય, મોરબી મહાનગર પાલિકા, મોરબી<br>મો.૯૮૨૫૨ ૨૩૧૭૧ | ભા.જ.પ. | ૧૯૯૫ થી ભા.જ.પ.માં સક્રિય સભ્યશ્રી ● ૨૫ વર્ષથી સીરામીક ઉદ્યોગ સાથે સંકળાયેલ અને ૨૦૧૫માં મોરબી શહેર ઉપ પ્રમુખ ● ૨૦૧૬માં ગુજરાત ઉદ્યોગ સેલમાં રાજકોટ જીલ્લામાં સભ્ય ● એન.આર.ડાભી હાઈસ્કુલના ટ્રસ્ટી તથા સમાજની સામાજીક સેવા સામાજીક કાર્યકર્તા |
| ૨૨. | શ્રીમતી રંજનબેન ગૌતમભાઈ હડિયલ | સદસ્ય, મોરબી જીલ્લા પંચાયતની ૭ ઘુંટુ સીટ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૨૩. | શ્રી અશ્વિનભાઈ બળદેવ ભાઈ ખસીયા મોટી વાવડી પંચવટી પાર્કપાસે તુરખા રોડ, હોયાદ | સદસ્ય, બોટાદ નગરપાલિકા<br>મો.૯૯૨૪૫ ૫૭૬૩૨૨ | ભા.જ.પ | બોટાદ નગરપાલિકાના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી ભા.જ.પ.ના સક્રિય સેવાધારી |

| ક્રમ | પુરૂં નામ<br>સરનામું | વિસ્તાર<br>વતન<br>મો. નંબર | પક્ષનું નામ નોંધ<br>અપક્ષ હોય તો<br>અપક્ષ લખવું | કેટલા વર્ષથી સમાજ સેવામાં જોડાયેલા<br>કે સંકળાયેલા છો કોઈ હોદ્દો હોય તો<br>જણાવવો |
|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૪. | શ્રીમતી જયશ્રીબેન<br>જાબુંકિયા<br>એમ.એમ.પ્રેસ,<br>અળવ રોડ, બોટાદ | સદસ્ય<br>બોટાદ નગરપાલિકા<br>મો. ૮૦૦૦૪ ૯૭૨૭૨ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૨૫. | શ્રીમતી ઈલાબેન<br>સુરેશભાઈ વાઘેલા<br>ગોપાલ નગર તુરખા<br>રોડ, બોટાદ | સદસ્ય<br>બોટાદ નગરપાલિકા<br>બોટાદ<br>મો. ૯૬૮૭૮૬૧૬૮૮ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૨૬. | શ્રીમતી નીતાબેન<br>નંદરાજભાઈ ચૌહાણ<br>હિફલી વિસ્તાર સ્વામી<br>નારાયણ મંદિર પાછળ<br>બોટાદ | સદસ્ય<br>બોટાદ નગરપાલિકા<br>બોટાદ<br>મો. ૮૫૩૦૩૦૩૦૨૩ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૨૭. | શ્રી નટવરભાઈ<br>ઓઘાભાઈ પરમાર<br>જલારામ નગર તુરખા<br>રોડ, બોટાદ | સદસ્ય<br>બોટાદ નગરપાલિકા<br>બોટાદ<br>મો. ૯૮૨૪૨ ૯૭૦૭૦ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૨૮. | શ્રી અરવિંદભાઈ<br>મનસુખભાઈ પરમાર<br>હનુમંતપુરી તુરખા રોડ<br>બોટાદ | સદસ્ય<br>બોટાદ નગરપાલિકા<br>બોટાદ<br>મો. ૮૮૪૯૯૩૭૪૦૦ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૨૯. | શ્રી જયેશભાઈ<br>જેસીંગભાઈ લકુમ<br>પાંચપડા પાળીયાદ રોડ<br>બોટાદ | સદસ્ય, બોટાદ<br>નગરપાલિકા<br>બોટાદ<br>મો. ૯૯૨૪૨ ૮૩૬૭૦ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૩૦. | શ્રી દિલીપભાઈ<br>ડાયાભાઈ કણઝરીયા<br>શંકરપરા, બોટાદ | સદસ્ય, બોટાદ<br>નગરપાલિકા બોટાદ<br>મો. ૯૮૨૪૬૩૫૯૨૨ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૩૧. | શ્રી મહેશભાઈ<br>પોપટભાઈ પાટીવાળા<br>પરામાં પાટીવાળાના<br>મઠની પાસે, બોટાદ | સદસ્ય, બોટાદ<br>નગર પાલિકા બોટાદ<br>મો. ૯૯૨૪૨૪૮૩૦૫ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |
| ૩૨. | શ્રીમતી કૈલાસબેન<br>બળદેવભાઈ ખસીયા<br>ગાયત્રીનગર અળવ રોડ<br>બોટાદ | સદસ્ય, બોટાદ<br>નગર પાલિકા બોટાદ<br>મો. ૯૮૭૯૨૪૬૧૦૫ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર |

નોંધ : ● સતવારા સમાજને ટીકિટો ફાળવેલ તમામ સીટો ઉપર જંગી બહુમતીથી વિજય થયેલ છે.
● સામાન્ય સીટ ઉપર સતવારા સમાજના ઉમેદવારને નગરપાલિકા પ્રમુખ બનાવવામાં આવેલ છે

| | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ક્રમ | પુરૂં નામ<br>સરનામું | વિસ્તાર<br>વતન<br>મો. નંબર | પક્ષનું નામ નોંધ<br>અપક્ષ હોય તો<br>અપક્ષ લખવું | કેટલા વર્ષથી સમાજ સેવામાં જોડાયેલા<br>કે સંકળાયેલા છો કોઈ હોદ્દો હોય તો<br>જણાવવો |
| ૩૩. | શ્રીકલ્પેશભાઈ<br>યોગેશભાઈ રાઠોડ<br>જુના બસ સ્ટેન્ડ પાસે,<br>મુ. લાઠીદડ | બોટાદ<br>બોટાદ, તા.જી.<br>બોટાદ<br>મો. ૬૩૫૨૯૬૩૯૩૪ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર<br>તાલુકા પંચાયતમાં ચુંટાયેલ છે. |
| ૩૪. | શ્રીમતી જશીબેન<br>રમેશભાઈ સથવારા<br>૪૦, કાળકા માતાનું<br>પરૂ સવાલા દરવાજા<br>બહાર, વિસનગર | સદસ્ય<br>વિસનગર, નગર<br>પાલિકા, વિસનગર<br>મો. ૯૬૨૪૭૭૫૦૨૧ | ભા.જ.પ. | સામાજીક કાર્યકર્તા |
| ૩૫. | શ્રીમતી હેતલબેન<br>દિનેશભાઈ નકુમ<br>ગુલાબનગર | વોર્ડ નં. ૧૧- જામનગર<br>જામનગર<br>મો. ૯૪૨૭૯ ૪૪૧૩૮ | ભાજપ<br>કોર્પોરેટર | સામાજીક કાર્યકર |
| ૩૬. | શ્રી પૂર્વેશભાઈ<br>ચન્દ્રકાન્તભાઈ પરમાર<br>બજરંગ ચોક,<br>ગુલાબનગર | વોર્ડ નં.૧૧<br>જામનગર<br>મો. ૯૫૮૬૩ ૧૧૧૪૦ | ભાજપ<br>કોર્પોરેટર | પાંચ વર્ષ |
| ૩૭. | શ્રી ધનજીભાઈ<br>કછેટિયા | વોર્ડ નં. ૧૬<br>જામનગર<br>મો. ૭૬૯૮૯ ૭૦૬૭૯ | ભાજપ<br>કોર્પોરેટર | ૮ આઠ વર્ષ |
| ૩૮. | શ્રી યોગેશભાઈ<br>વિરજીભાઈ કણઝારીયા<br>ગોકુલનગર<br>વતન આંબરડી<br>(ગજાભી) ભાણવડ | વોર્ડ નં.૮<br>જામનગર<br>૯૭૭૯૦ ૭૧૩૩૩ | ભાજપ<br>કોર્પોરેટર | ૧૦ વર્ષ કોર્પોરેટર ૩૦ વર્ષથી ભાજપ<br>કાર્યકર્તા અને બુથ પ્રમુખ શક્તિ કેન્દ્ર<br>સંયોજક ત્રીસ વર્ષથી સામાજીક કાર્યકર |
| ૩૯. | શ્રીમતી રમીલાબેન<br>રવજીભાઈ કણઝારીયા<br>ગોકુલનગર | વોર્ડ નં. ૧૫, જામનગર<br>મો. ૯૭૨૨૮ ૪૭૨૮૯ | ભાજપ<br>કોર્પોરેટર | ૧૦ વર્ષ<br>સંગઠન મંત્રી, સમાજના સામાજીક<br>કાર્યકર |

# દેવભૂમિ દ્વારકા જીલ્લા પંચાયતમાં ચૂંટાયેલ સભ્યો અને હોદ્દાઓ

૧. શ્રી ચીમનભાઈ નકુમ (ભાજપ) સદસ્ય ધરમપુર જીલ્લા પંચાયત અને ઉપપ્રમુખ દેવભૂમિ દ્વારકા જીલ્લા પંચાયત

૨. શ્રીમતી ચંદ્રિકાબેન પ્રતાપભાઈ નકુમ શક્તિનગર જીલ્લા પંચાયત ભાજપ

૩. શ્રીમતી મોંઘીબેન રણમલભાઈ કણઝારીયા સદસ્ય ચારબારા જીલ્લા પંચાયત ભાજપ

૪. શ્રી રામજીભાઈ જેઠાભાઈ પરમાર સદસ્ય રાણ જીલ્લા પંચાયત ભાજપ (આપ)

૫. શ્રીવિઠલભાઈ સોનગરા ભાટિયા જીલ્લા પંચાયત (કોંગ્રેસ)

૬. શ્રી મનસુખભાઈ પરમાર કલ્યાણપુર જીલ્લા પંચાયત સદસ્ય (કોંગ્રેસ)

## જામ ખંભાળિયા નગરપાલિકામાં સતવારા સમાજના સદસ્યો અને હોદ્દેદારો

૧. શ્રી વિજયભાઈ નારણ કણઝારિયા પ્રમુખ ભાજપ

૨. શ્રી મનીષભાઈ રતિલાલભાઈ નકુમ ભાજપ

૩. શ્રી જીગ્નેશભાઈ પરમાર ભાજપ

૪. શ્રીમતી મુક્તાબેન કિશોરભાઈ નકુમ ભાજપ

૫. શ્રી રસિકભાઈ લાલજીભાઈ નકુમ ભાજપ

## જામ ખંભાળિયા તાલુકા પંચાયત સતવારા સમાજના હોદ્દેદારો અને સભ્યો

૧. શ્રી જયેશભાઈ કણઝારીયા (ભાજપ) કારોબારી ચેરમેન અને સદસ્ય, ધરમપુર ૨

૨. શ્રી જેન્તીભાઈ ખાણધર (ભાજપ) સદસ્ય, ધરમપુર ૧

૩. શ્રીમતી દિપનાબેન નકુમ (ભાજપ) સદસ્ય, હર્ષદપુર ૧

૪. શ્રી અરવિંદભાઈ વેલજીભાઈ ચોપડા (ભાજપા) સદસ્ય, શક્તિનગર

૫. શ્રી મુકેશભાઈ રવજીભાઈ નકુમ (ભાજપ) સદસ્ય, રામનગર

# ડો. જીગ્નેશ આર. ચૌહાણ

M.S. (Gynec), F.M.A.S

સ્ત્રીરોગ નિષ્ણાંત



# શ્રીજીસત્વ

# ગાયનોકેર હોસ્પિટલ

- દુરબીન (લેપ્રોસ્કોપી) વડે ગર્ભાશયને લગતા તમામ ઓપરેશન
- દુઃખાવા રહીત તથા જોખમી ડિલીવરી, સિઝેરિયન ડિલીવરીની સુવિધા
- વ્યંધત્વ / ઈન્ફર્ટીલીટીની સારવાર
- 3D / 4D સોનોગ્રાફીની સુવિધા
- ટેસ્ટ ટયુબ બેબી *(IVF)* ની સારવાર
- *AC VIP Suit* રૂમ, *AC* ડીલક્ષ રૂમ અને *AC* સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ, જનરલ રૂમ

જીનતાન રોડ, મિલન સિનેમા પાસે, સુરેન્દ્રનગર.

મો. ૮૨૦૦૭ ૬૫૨૯૪, ૯૪૦૯૯ ૧૧૦૦૮

POSTED AT RMS SURENDRANAGAR 8th EVERY MONTH RNI-GUJ.GUJ/2001/5150
SATWARA DARPAN DATE OF PUBLICATION 8th EVERY MONTH **G/SEN./265/2024-2026**

LAVANYA
MULTISPECIALITY DENTAL CLINIC

સૌજન્ય : વિનોદભાઈ સી. મકવાણા

# લાવણ્ય મલ્ટીસ્પેશ્યાલીટી

## ડેન્ટલ ક્લિનિક & ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. ચિરાગ વી. મકવાણા (M.D.S. Orthodontics) ડૉ. નિકીતા આર. કણઝારીયા (M.D.S. Orthodontics)

સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ • સાંજે ૫:૦૦ થી ૮:૦૦ • (મો.) ૮૮૬૬૭૦૩૦૩૪, ૯૯૨૫૨૪૭૦૬૯

૪-૫, પહેલા માળે, સનરાઈઝ એવન્યુ, વેદાંત હોસ્પિટલની સામે, મેટ્રો પીલર નં. ૨૦૫ પાસે, નવરંગપુરા, અમદાવાદ.



સ્કેનરની મદદથી દાંતની ચકાસણી કરી આધુનિક પદ્ધતિથી વાંકાચુકા દાંતને બ્રેસીસ (વાયર) બાંધ્યા સિવાય દાંતને સીધા કરવાની સારવાર જ્ઞાતિબંધુ માટે રાહતદરે આધુનીક સારવાર આપવામાં આવશે.



## જાહેરાતના દર

| ક્રમ. | વિગત | ત્રિમાસિક | વાર્ષિક |
|---|---|---|---|
| (૧) | ૧/૪ પાનાની જાહેરાત | ૧૫૦૦ | ૩૦૦૦ |
| (૨) | અડધા પાનાની જાહેરાત | ૩૦૦૦ | ૬૦૦૦ |
| (૩) | આખા પાનાની જાહેરાત | ૬૦૦૦ | ૧૦,૦૦૦ |
| (૪) | મુખ પૃષ્ઠની પાછળનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૫) | છેલ્લેથી અંદરનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૬) | છેલ્લે અડધું પાનું | ----- | ૧૫,૦૦૦ |

## લાવણ્ય
### મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક

**ઉપલબ્ધ સારવાર - TREATMENT AVAILABLE**

- વાંકા-ચૂંકા તથા આગળ પડતા દાંતની સારવાર
  Orthodontic Metal, Ceramic braces & alginers
- દાંતમાં ચાંદી, સિમેન્ટ, દાંતની કેપ તથા દાંતના કલરના મટીરીયલ પુરવાની સારવાર
  Silver, Cement4 Crown & Bridge & Cosmetic Dentistry
- દાંત બચાવવા મૂળીયાની સારવાર
  Root Canal Treatment
- દાંતના ફિક્સ તથા નીકળી શકે તેવા ચોકઠા
  Fixed & Removable Denture
- દાંતની સફાઈ તથા દાંતને સફેદ કરવાની સારવાર
  Scaling & Bleaching
- ડાહપણની દાઢ કાઢવાની સારવાર
  Wisdom Tooth Removal
- પેઢાના રોગોની સારવાર
  Pyorrhea
- ઈમ્પ્લાન્ટ દ્વારા દાંત બેસાડવાની સારવાર
  Full Mouth rehabilitation
- બાળકોના દાંતના તમામ રોગોની સારવાર
  Pediatric Dentistry

To,
........................................
........................................
........................................
........................................

**નકલ રવાના :**
રમણભાઈ સી. મકવાણા
૨, વાસુદેવ નગર, ગીરધરનગર, ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪, મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

પ્રકાશક : શ્રી સમસ્ત સતવારા મહામંડળ (રજી. નં. ઈ-૮૪૮૯ તા. ૩-૧૦-૯૧) વતી માનદ્ તંત્રી શ્રી કાંતીભાઈ આર. પરમારે પ્રસિધ્ધ કર્યું. મુદ્રક : ''પૂજા ગ્રાફિક એન્ડ પ્રિન્ટસ્'' - સુરેન્દ્રનગર. દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.